ગુજરાતી માઇક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૨, અંક ૮

સપ્ટેમ્બર ૨૦૧૭



एकोहम बहुस्याम् ।
- છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)

# સર્જન

અંક ૮ સપ્ટેમ્બર – ૨૦૧૭ વર્ષ ૨

સંપાદક – ગોપાલ ખેતાણી

સહસંપાદક – જીજ્ઞેશ કાનાબાર

પ્રુફ રીડીંગ - સરલા સુતરિયા

ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા – જલ્પા જૈન,

હાર્દિક પંડ્યા, સંકેત વર્મા, હિરલ કોટડિયા

તંત્રી – જીજ્ઞેશ અધ્યારૂ

પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ

પ્રકાશન

અક્ષરનાદ
AksharNaad.com

જીજ્ઞેશ અધ્યારૂ,
એ-૪૬, સાંઈનગર સોસાયટી,
ખોડીયાર નગર પાછળ, ન્યૂ વી આઈ પી રોડ,
વડોદરા ૨૨, ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮
વેબ – http://aksharnaad.com

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના

- ’સર્જન’ માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસની પંદરમી તારીખે પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, બે થી વધુ ન મોકલવી. અન્યત્રપ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગ્રુપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કૂરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા Sarjanmfc@gmail.com પર સબ્જેક્ટમાં For Sarjan Micro fiction magazine લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતી લેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- આ અંકમાં આવેલા માઇક્રોફિક્શન પ્રતિભાવો ભરુચ ખાતે સર્જન અને કે.જે.ચોક્સી લાઈબ્રેરી દ્વારા આયોજીત માઇક્રોફિક્શન શિબિરમાંથી લેવામાં આવ્યા છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે Sarjanmfc@gmail.com મોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

*Title page image courtsy Freeimages*

# અર્પણ



આપણા રાષ્ટ્રીય શાયર સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીજીને..

# માઈક્રોક્રમ

ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં માઇક્રોફિક્શન શોધી શકાય? - ડૉ. હાર્દિક નિકુંજ યાજ્ઞિક....5
સંપાદકીય... ટચૂકડા તોફાનનો તરવરાટ - ગોપાલ ખેતાણી....8
૧. આગંતુક – શૈલેષ પરમાર....10
૨. ખુલાસો – રાજુલ ભાનુશાલી....11
3. એક બટકું – સોનિયા ઠક્કર....12
૪. સરોગસી – સરલા સુતરિયા....13
૫. અસ્તિત્વ - હિરલ કોટડીયા....13
૬. કુંવારા શમણાં – શીતલ ગઢવી....14
૭. અલાર્મ - હાર્દિક કલ્પદેવ પંડ્યા....14
૮. અસંમજસ – અતુલ ભટ્ટ....15
૯. ટોળું – યામિની પટેલ....15
એક ગોષ્ઠી – યુવા સર્જક શ્રી રામ મોરી સાથે.. – રાજુલ ભાનુશાલી....16
૧૦. ડીમલાઇટ – અનુજ સોલંકી....21
૧૧. પરંપરા - પ્રિતી ભટ્ટ....21
૧૨. યાદ – રીતુ મહેતા....22
૧3. અનર્થ – ઝીલ ગઢવી....22
૧૪. છાપું – સંજય થોરાત....22
૧૫. મર્સી કિલિંગ – આલોક ચટ્ટ....23
૧૬. દાખલો – જાહ્નવી અંતાણી....23
૧૭. ઈઝહાર – એંજલ ધોળકીયા....24
૧૮. ઇફતારી – પૂર્વી બાબરિયા....24
૧૯. નમાયો – લતા સોની કાનુગા....25
સર્જન મેળાવડાનો અહેવાલ.. – સર્જન પરિવાર....26
૨૦. નોટિસ – કિરણ પિયુષ શાહ....29
૨૧. એંજલ – સમીક્ષા ઠુમ્મર....29
૨૨. ઘરબાયેલું – સ્વાતિ શાહ....29
૨3. પ્રેરણાનો પાગલ – મીતલ પટેલ....30

૨૪. પછડાટ – પાર્મી દેસાઈ ....... 31
૨૫. કુલદીપક – મહાકાન્ત જોશી ....... 31
૨૬. નવજીવન – હેતલ પરમાર ....... 31
૨૭. હેરેસમેન્ટ – રેખા સોલંકી ....... 32
૨૮. દાઝ – શિલ્પા સોની ....... 32
૨૯. અમાસ – મણિલાલ વણકર ....... 33
૩૦. રફતાર – રક્ષા મામોતરા ....... 33
અંગ્રેજી માઈક્રોફિક્શનનો અનુવાદ અને આસ્વાદ – મીનાક્ષી વખારિયા, સંકેત વર્મા ....... 34

## ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં માઇક્રોફિક્શન શોધી શકાય? – ડૉ. હાર્દિક નિકુંજ યાજ્ઞિક

ગુજરાતી ભાષાની વાત આવે એટલે મોભ પર બેઠેલા નરસિંહ મહેતા, મુન્શીજી, ધૂમકેતુ અને ઝવેરચંદ મેઘાણી મને પહેલા દેખાય. એમાંય ઝવેરચંદ મેઘાણીની કલમે અમર થઈ ગયેલા પાત્રો અનેકાનેક વખત વાર્તાઓમાંથી જીવંત થઈને મારી પર્સનલ લાઇબ્રેરીમાં મારી જોડે સંવાદ કરી ચૂક્યા છે. બળદની જગ્યાએ જોતરાયેલા દેપાળદેની દયાએ મને માણસાઈ શીખવાડી છે, તો પોતાના દરબારની જગ્યાએ પહેરામણીમાં ખસ્તા ગામ એક ઝાટકે આપી દેનાર પેલા ગાંફના ચમારે મને ખમીરીની વ્યાખ્યા સમજાવી છે. માથે કટક આવ્યું હોય ત્યારે કછોટો મારીને ઊભી રહેલી પેલી વાઘરણ, "અમે હંધાય સુદમડાના ધણી છંયે." કહીને ઊભી રહી હશે, ત્યારે બાહુબલિની શિવગામી કરતા પણ વધારે ગોર્જિયસ દેખાતી હશે એનો અહેસાસ મેં કર્યો છે.

પણ આજે તો ઝવેરચંદ મેઘાણીજીની આ સઘળી રચનાઓમાં ક્યાંય માઇક્રોફિક્શન છુપાયેલ છે કે નહીં તે શોધવાનાં ખાંખાખોળા કરવાનો હુકમ દોસ્ત જિગ્નેશભાઇનો થયો. વિચાર ગમ્યો કારણ કે મારી દ્રષ્ટીએ માઇક્રોફિક્શનની વ્યાખ્યા કંઈક અજીબ છે.. હું તો એટલું જાણું કે જેને વાંચતાની સાથે જ હ્રદયના ઊંડાણમાંથી ક્યાંક "આહ" નીકળે ને ક્યાંક મલકતા હોઠોના ખૂણેથી "વાહ" એનું નામ માઇક્રોફિક્શન. માઇક્રોફિક્શન એટલે "આહ"થી "વાહ" સુધીની સફર.

હજી તો રસધારમાં ડોકિયું કરું તે પહેલા "દાદાજીની વાતો' પુસ્તકમાં રહેલ મેઘાણીજીની એક વાર્તા "અજબ ચોર" નજરે પડી, ને વાંચવાની શરુ કરી ત્યાં તો માઇક્રોફિક્શને સામેથી પોતાના અસ્તિત્વનો રણકાર કર્યો.

### અજબ ચોર

બન્ને જણ ચાલ્યા. ચાલતાં ચાલતાં એક શાહુકારનું ઘર આવ્યું. રાજાએ અંદર જવાનો રસ્તો બતાવ્યો. ચોર અંદર જાય, ત્યાં શેઠ-શેઠાણી ભર ઊંઘમાં સૂતેલાં. ચોર થોડી વાર ઊભો, ત્યાં ઊંઘમાં ને ઊંઘમાં શેઠાણી બોલ્યાં કે : “કોણ છો ભાઈ!”

આ સાંભળીને તરત ચોર બહાર નીકળ્યો. રાજાને કહે કે, “ચાલો, બીજે ઘેર. અહીં ખાતર નથી પાડવું.”

આમ જોવા જઈએ તો આને મારી દ્રષ્ટીએ એક પરફેક્ટ માઇક્રોફિક્શન કહી જ શકાય. મોટાભાગે લોકમુખે સાંભળેલ પ્રસંગોને પોતાના શબ્દોના વૈભવમાં ગૂંથીને તૈયાર કરેલ સૌરાષ્ટ્રની રસધારમાં પણ આવી ચમત્કૃતિઓનો ભંડાર ભરેલો છે.

### આહીરની ઉદારતા

"આ જોડી તો જુઓ! આ આપણો વિકમસી ને વહુ સોનબાઇ. અરે, એની એકબીજાની માયા તો નરખો! મૂવું મને તો આંસુડાં આવી જાય છે."

"આયરાણી! અતિ હરખઘેલી કાં થઈ જા અટાણથી?"

"મને આપણું બાળપણ સાંભર્યું આયર!"

આ વાત વાંચતા મને એક માઇક્રોફિક્શન યાદ આવી કે,

બે મિનિટ પોતાની મૃત પત્નીના ફોટાને જોયા પછી પ્રેમિકાને ભગાડવા જઈ રહેલા દીકરાને બાઇકની ચાવી સામેથી આપતા બાપે કહ્યું, "મને ફળ્યો તો તનેય ફળશે, એ પ્રેમ છે, લોહીમાં આવે દીકરા!"

વળી પાછા મેઘાણીજીના વિશ્વમાં આગળ વધીએ. સાસરે ગયા પછી બાપનું કોણ? વિચારતી દીકરીની વ્યથા અને એનો એણે શોધેલ ઉપાય એટલે આ અદભુત માઇક્રોફિક્શન...

## કરિયાવર

ગળામાંથી ઝરમર, કોટિયું, કાંઠલી, ચંદનહાર વગેરે દાગીના કાઢી ધણીને આપતાં આપતાં બોલી "લ્યે કાઠી, તું બીજુ ઘર ગોતી લેજે અને મારી વાટ જોવી મેલી દેજે"

"કાં?"

"કાં શું? હવે તો મારા બાપના ઘરે દીકરો ન જન્મે ત્યાં સુધી મારે સંસાર વસાવવો નથી. હવે તો બાપને પયણાવીને પાયણામાં ભાઇને હીંચોળીને જ આવીશ."

અને મારી મનગમતી વાર્તામાં માઇક્રોફિક્શન..

## ચમારના બોલે

“પણ છે શું મૂરખા?” દરબાર આ મીઠી અમૃત જેવી ગાળો સાંભળીને હસતા હસતા બોલ્યા.

“હોય શું બીજું? ભાણેજ પરણે છે ને મામા મોસાળાં લઈને અબઘડી આવશે એવી વાટ જોવાય છે.”

“અરરર! એ તો સાંભર્યું જ નહિ : ગજબ થયો! હવે કેમ કરવું?”

“હવે શું કરવાનું હતું? ઈ તો પતી ગયું. હવે તો મારે જીવવું કે જીભ કરડીને મરવું, એ જ વાત બાકી રઈ છે.”

“કાં એલા! તારું તે શું ફટકી ગ્યું છે?”

“હા બાપુ! ફટકી ગ્યું’તું, એટલે જ તમારા થકી મામેરાંમાં ખસતા ગામ દઈને આવ્યો છું.”

“શી વાત કરછ? તું આપણું ખસતા દઈ આવ્યો?”

“હા, હા! હવે તમારે જે કરવું હોય તે કહી નાખો ને એટલે મને મારો મારગ સૂઝે.”

દરબારનું હૈયું ભરાઈ આવ્યું : “વાહ! વાહ, મારી વસ્તી! પરદેશમાંય એને મારી આબરૂ વહાલી થઈ. ગાંફનું બેસણું લાજે એટલા માટે એણે કેટલું જોખમ ખેડ્યું! વાહ! મારી વસ્તીને મારા ઉપર કેટલો વિશ્વાસ! ભાઈ! ખસતા ગામ તેં તારા બોલ ઉપર દીધું એ મારે અને મારી સો પેઢીને કબૂલ મંજૂર છે.”

રસધાર એટલે ખુમારીનું સરનામું અને લગભગ દરેક વાર્તાઓમાં શૌર્ય અને ખમીર ઝળકે... આવી જ એક રચનામાં ડોકિયું કર્યું તો માઇક્રોફિક્શન ભાળી...

## અણનમ માથાં

પાતશા (બાદશાહ) સામે આવી એક હાથે આડી તરવાર ઝાલીને બીજે હાથે સલામ દીધી. એનું માથું અણનમ રહ્યું.

"વિસળ ગઢવી!"  સુલતાને નખોરાં ફુલાવીને પડકારો કર્યો. "સલામ કોની કરી?"

"સલામ તો કરી આ શક્તિની. બીજાની નહીં પાતશા" વિસળે ઠંડે કલેજે જવાબ આપ્યો.

આમ જ જો જોવા જઈશું તો અનેકાનેક વાતોમાં માઇક્રોફિક્શન રહેલી છે.
હું તો માનું છું કે ગલીના નાકે આવેલ તિરુપતી પ્રોવિઝન સ્ટોરના બોર્ડમાં છપાયેલ નાનકડા ફોટામાં એજ અમોઘ તિરુપતી બાલાજી રહેલા છે જે હજાર કિલોમીટરની સફર અને ૮ કલાક લાઇનમાં ઉભા રહ્યાં પછી આપણને દર્શન આપે છે..

જો દ્રષ્ટિ હશે તો ફકત ઝવેરચંદ મેઘાણીજીની રચનાઓમાં જ નહી આપણા સાહિત્યના સર્વે આદરણિય લેખકોની રચનામાં માઇક્રોફિક્શન મળી શકે છે. મને તો મુન્શીજીનો મુંજાલ અને મીનળદેવી આંખોથી વાત કરે એમાંય ટચુકડી વાર્તા મળે છે અને પુત્રીના પત્રની પ્રતીક્ષામાં દરરોજ સવારે પોસ્ટઑફિસ જઈ બેસતા ધૂમકેતુના પેલા અલીડોસાની વાતમાં ય ખોબો ભરીને ઉત્કટ વાત્સલ્યની માઈક્રોવાર્તા ઘૂઘવે છે.

પણ હું સંપૂર્ણપણે માનું છું કે આ દરેક લેખકોની વાર્તાઓનો એક અલાયદો દરજ્જો છે, અને એ એની જગ્યાએ ખૂબ આદરપાત્ર અને આપણા સૌની ચહીતી છે. આપણે આપણી ગમતી માઇક્રોફિક્શન આ સદાબહાર વાર્તાઓમાં શોધીએ એ એક પ્રયોગ તરીકે કદાચ સ્વીકાર્ય થાય તો પણ એનો અર્થ એ વાર્તાઓના કદ કે સ્થાનને હાનિ પહોંચાડવાનો કદાપિ ન હોય. કદાચ એવું કરવું યોગ્ય ન પણ હોય. આ સર્વ ગુણીજનોની લેખન શૈલીમાંથી કશુંક શીખી આપણે આપણી ટચુકડી વાર્તાઓને એટલી કસોકસ બાંધીએ કે સાવ નાનકડી વાતમાં આ મહાન લેખકો જેવી જ "આહ" અને "વાહ"નું સર્જન કરી શકીએ..

ઈશ્વર આપણને સૌની કલમને એવી તાકાત અર્પે તેવી અભ્યર્થના...

# સંપાદકીય... ટચૂકડા તોફાનનો તરવરાટ – ગોપાલ ખેતાણી

માતૃભાષા ગુજરાતીની સાહિત્ય સફર શરુ થઈ ઈ.સ. ૧૦૦૦ની આસપાસ. પ્રાગ નરસિંહ યુગમાં લાંબા કાવ્યો ‘રસ’ અને ‘ફાગ’ સ્વરૂપે બહુ પ્રચલિત થયા. સિદ્ધ-હેમ શબ્દાનુશાસનની ભેટ પણ ગુજરાતી સાહિત્યને આ સમયકાળ દરમ્યાન જ મળી. મધ્યકાલીન સાહિત્યકાળમાં (નરસિંહ યુગ અને ભકિત યુગમાં) આપણે ભકિત રસ અને અદ્વૈતરસમાં તરબોળ થયા. લગભગ ચારસો વર્ષના આ સમયગાળામાં પણ પદ્ય સાહિત્યનું એકચક્રી શાસન હતું.

ઇ.સ. ૧૮૫૦થી શરુ થયો અર્વાચીન સાહિત્ય યુગ. આ યુગમાં ગુજરાતી સાહિત્ય જગતને પહેલી નવલકથા મળી, ‘કરણઘેલો’. આ યુગ દરમ્યાન ગદ્ય સાહિત્યને નામના મળવા લાગી. નર્મદ યુગ, ગોવર્ધન યુગ અને ગાંધી યુગ દરમ્યાન ગદ્ય સાહિત્યએ તેની પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી.

ઇ.સ. ૧૯૫૫થી આધુનિક યુગની શરૂઆત થઈ. નવલકથા, નવલિકા, ટૂંકી વાર્તાઓ, લઘુકથા, નિબંધ, લોક સાહિત્ય, ગઝલ, કાવ્ય, અછાંદસ, હાઈકુ વગેરે સોળે કળાએ ખીલી ઊઠ્યા. પદ્ય અને ગદ્ય, બન્ને એકબીજા સાથે કદમતાલ મેળવી નવપલ્લવિત થઈ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરતાં રહ્યાં.

ત્યાં તો અચાનક ૨૧મી સદીના પહેલા દાયકાના અંતમાં એક ટચૂકડું તોફાન આવ્યું, નામે ‘માઈક્રોફિકશન’. લોકોને આ તોફાનનો તરવરાટ ગમી ગયો. સાહિત્ય જગતમાં થોડી ‘ચર્ચા’ શરુ થઈ. “આ સાહિત્ય નથી”, “સાહિત્યના નામે કંઈ પણ લખાય છે”, “લઘુકથાને માત્ર અલગ સ્વરૂપે રજૂ કરી છે” જેવા પ્રતિભાવો પણ મળ્યા. પરંતુ માઈક્રોફિક્શન લખનાર અને વાંચનાર બન્નેને એટલી મજા પડી કે એવા એકલદોકલ પ્રતિભાવોને અતિક્રમીને હવે ગુજરાતી સાહિત્યનો આ પ્રકાર ઝડપથી પ્રચલિત થઈ રહ્યો છે. સોશિયલ મિડિયામાં તો આ પ્રકાર ધૂમ મચાવી રહ્યો છે.

પશ્ચિમી જગતમાં માઈક્રોફિક્શનનું એક આગવું સ્થાન છે. અન્ય સાહિત્ય પ્રકારની જેમ જ માઈક્રોફિક્શનને પણ ત્યાં અહોભાવથી જોવાય છે, વંચાય છે, લખાય છે અને તેની કદર થાય છે. માઈક્રોફિક્શનના નિયમો છે અને તેનું બંધારણ પણ છે. નિયમો અને બંધારણના માળખામાં લખાયેલી માઈક્રોફિક્શન અચૂક વાચકના મન પર ઊંડી અસર કરે છે. ગુજરાતી સાહિત્ય જગતમાં આ ક્ષેત્રે હજુ પણ ખેડાણ ચાલુ જ છે. દિગ્ગજ સાહિત્યકારો અને નવસર્જકોના સમન્વયથી માઈક્રોફિક્શનને તેના ઉચ્ચતમ દરજ્જા સુધી લઈ જવાનો પ્રયાસ છે. ‘સર્જન’ આ ક્ષેત્રે પોતાનું સર્વોત્તમ યોગદાન આપી રહ્યું છે અને વાચક તેને વધાવી રહ્યા છે.

સર્જનના અગાઉ પ્રસિદ્ધ થયેલા અંકોમાં માઇક્રોફિક્શનના પ્રકાર, બંધારણ, નિયમો અને સ્વરૂપ વિશે વિગતે ચર્ચા અને સર્જકમિત્રોના એ વિશેના વિચારો સમાવવાનો પ્રયત્ન કર્યો જ છે એટલે અહીં એ ફરીથી લખવું અસ્થાને રહેશે. માઈક્રોફિક્શન અને ટૂંકી વાર્તા વચ્ચેનો ભેદ, માઈક્રોફિક્શન અને લઘુકથા વચ્ચેનો ભેદ, માઈક્રોફિક્શન વાર્તા બને છે કે કેમ, માઈક્રોફિક્શનના વિવિધ અંગો અને તેની સર્જનરીતી, વૈશ્વિક પરીપ્રેક્ષ્યમાં માઈક્રોફિક્શન સર્જનની દશા અને દિશા, અન્ય ભાષાઓના પ્રસ્થાપિત માઈક્રોફિક્શન લેખકો અને તેમના આ પ્રકાર વિશેના વિચારો અને અનુભવો જેવા મુદ્દાઓ સાથે, ’સર્જન’ એક ગ્રુપ તરીકે સતત પ્રયત્નરત છે આ પ્રકારને વધુ વિસ્તૃત કરવા, તેની ક્ષમતા અને તેના સ્વરૂપગત વિકાસને આલેખવા તથા સર્જક મિત્રોને તેમાં વધુ સર્જન માટે પ્રેરણા આપવા. સર્જન સાથે અનેક મિત્રો સતત જોડાતા રહ્યા છે.

ગત મહીને ભરૂચની કે જે ચોકસી પબ્લિક લાયબ્રેરી ખાતે થયેલી માઈક્રોફિક્શન શિબિર અને તેમાં મિત્રોની બહોળી સંખ્યામાં હાજરી એ વાતનું સૂચન કરે છે કે આ પ્રકાર લોકોને આકર્ષે છે અને તેમાં સર્જકને અભિવ્યક્ત થવાની અનેક શક્યતાઓ ભરી પડી છે. સર્જનના હવે શહેર મુજબ મેળાવડાઓ પણ થઈ રહ્યાં છે. ગત મહીને રાજકોટ, ભરૂચ અને અમદાવાદ ખાતે સર્જન મેળાવડા થયા જેમાં સર્જનમિત્રોએ મળીને માઈક્રોફિક્શન વિશે ચર્ચાઓ કરી, પોતાની માઈક્રોફિક્શન સંભળાવી અને એકબીજાના સર્જન પર નિખાલસ પ્રતિભાવો આપ્યા. કોઈ એક સર્જકનો નહીં, સમગ્રતયા એક સાહિત્યપ્રકારનો વિકાસ એ સર્જનની કાર્યશેલીનું મૂળ છે, અને કદાચ એટલે જ વધુને વધુ મિત્રો 'સર્જન' સાથે સતત જોડાઈ રહ્યાં છે. સર્જનના પ્રથમ પુસ્તક માઈક્રોસર્જનને મળેલા ખૂબ પ્રોત્સાહક પ્રતિભાવ બાદ હવે એ જ શ્રેણીનું બીજુ પુસ્તક માઈક્રોસર્જન - ૨ લઈને અમે ટૂંક સમયમાં આવી રહ્યાં છીએ.

આ અંકમાં અનેક સર્જનમિત્રોની માઈક્રોફિક્શનની સાથે સાથે શ્રી ઝવેરચંદ મેઘાણીજીની સદાબહાર વાર્તાઓમાં માઈક્રોફિક્શન શોધવાનો યત્ન શ્રી હાર્દિકભાઈ યાજ્ઞિકે કર્યો છે. સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી ૨૦૧૭નો યુવા ગૌરવ પુરસ્કાર જેમને મળ્યો છે એવા આપણા યુવા સાહિત્યકાર શ્રી રામ મોરીએ માઈક્રોફિક્શન અને વાર્તાપ્રકાર અંગે શ્રી રાજુલ ભાનુશાલી સાથે વિગતે અને હૈયું ખોલીને વાત કરી છે. સર્જનના ગત મહીને થયેલા મેળાવડાના ટૂંકા અહેવાલ પણ આ અંકમાં છે અને ડેવ ઝેલ્ટસરમેનની અંગ્રેજી માઈક્રોફિક્શનનો અનુવાદ અને આસ્વાદ શ્રી મીનાક્ષી વખારિયા અને શ્રી સંકેત વર્મા કરાવે છે. ભરૂચની માઈક્રોફિક્શન શિબિરમાં મળેલા કેટલાક પ્રતિભાવો પણ આ અંકમાં અમે મૂકી રહ્યાં છીએ. આશા છે આ સંપાદન આપને ગમશે, આપના પ્રતિભાવ અને સૂચનોનું સદાય સ્વાગત જ હોય. અમારું, ગોપાલ ખેતાણીનું અને જીજ્ઞેશ કાનાબારનું આ પ્રથમ સંપાદન સાહસ છે એ રીતે અમને પણ એક નવા સંપાદનવિશ્વનો પરિચય, તેની બારીકીઓ અને તે માટે કરવી પડતી મહેનતનો આ પહેલો જ પરિચય છે, એ દ્રષ્ટિએ આ અંક અમારો પહેલો સંપાદન અંક છે. 'સર્જન' એડમિન ટીમનો અમારા પર આ વિશ્વાસ મૂકવા બદલ આભાર. આશા છે અમે કસોટીની અને વિશ્વાસની એરણે ખરા ઉતર્યા છીએ.

દરેક સાહિત્યપ્રકારનું અંતિમ ધ્યેય તો સર્જકને એક એવો આત્મસંતોષ આપવાનું જ છે જે એક માતાને પ્રસવ વખતે થતો હશે. સર્જન થકી અનેક મિત્રો આવો જ સંતોષ મેળવી શકે, સાહિત્યના માર્ગે જીવનના મર્મને પામવાનો અવસર મળે એ જ તેની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

જય સર્જન!

## ૧. આગંતુક – શૈલેષ પરમાર

હું સફાળી ઊઠી. પોતાની જાતને એક અજાણ્યા ઘરના બેડરૂમમાં લગભગ નિર્વસ્ત્ર હાલતમાં જોઈ હબકી ઊઠી. જાતને સરખી કરી બહાર આવી. ત્યાં રસોડામાં એક આગંતુકને ચા બનાવતો જોઈ વધુ મૂંઝાઈ.

હું ભેદ પામી ગઈ. 'આ નરાધમે મને કિડ્નેપ કરી હશે અને પછી બેહોશ કરીને... હે ભગવાન આ ચોક્કસ કોઈ કેફી દ્રવ્યની અસર! અરેરે.. કેમ કશું યાદ નથી આવતું.'

'પણ આને તો પાઠ ભણાવું.' વિચારતી મેં એક ફૂલદાની હાથમાં લીધી, ધીમે પગલે રસોડા બાજુ દોરવાઈ. પણ ત્યાં દિવાલ પર આગંતુક સાથે પોતાને ફોટોમાં મઢેલી જોઈ સ્તબ્ધ થઈ ગઈ.

હજુ કંઈ વિચારું એ પહેલા ટેબલ પર પડેલા મોબાઈલના રણકારે મને એની તરફ ખેંચી. એની નીચે એક ચબરખી હતી.

'જાગી ગઈ જાન, મને મારવા હાથમાં કંઈ ઉપાડ્યું હોય તો મૂકી દે! હું તારો પતિ... પ્રેમના અને લગ્નના પૂરાવા સાથે ચા તારી રાહ જોઈ રહી છે. પણ મનના સમાધાન માટે પાસેનો રિપોર્ટ જોઈ લે.'

મેં ત્વરાથી એ રિપોર્ટ જોયો. અલ્ઝાઈમરના પોઝીટીવ  રિપોર્ટ પર પોતાની છબી જોઈ ઘણું સમજાઈ ગયું.

હું રસોડામાં ગઈ અને  એમની પાસે બેઠી, "શું તમે રોજ મને આ રીતે યાદ કરાવો છો?"

"હા જાન, મારે તો રોજ વેલેન્ટાઇન, રોજ તને મનાવવાની, કેટલું સરસ વરદાન! હા, રીત બદલાય.. રોજ. અને આજે એક હજારમો દિવસ, અને આજે પણ હું પાસ.." કહેતા એમણે મને ખોળામાં લીધી.

હું ત્યાં ગોઠવી રાખેલા આલ્બમના ઢગલામાં પોતાને શોધી રહી અને એ મને..

**પ્રતિભાવ**

- મીનાક્ષી હિરાલાલ વખારિયા

➢ 'માઈક્રોફિક્શન લેખનકળામાં' જોડાવાની ઈચ્છા કેવી રીતે/ કેમ થઈ?

- **જીજ્ઞાસાવૃતિ**

➢ આ શિબિર બાદ માઈક્રોફિક્શન વાર્તા વિષે તમારી જાણકારીમાં વધારો થયો?

- **અલબત્ત**

➢ તમારા મતે, શું આપણા સાહિત્યમાં માઈક્રોફિક્શન વાર્તાનું આગવું સ્થાન હોવું જોઈએ?

- **કારણ: નવલિકા, લઘુકથા જે કહેવા માંગે છે એ ક્ષમતા માઈક્રોફિક્શનમાં પણ છે.**

➢ માઈક્રોફિક્શન વાર્તા સ્વરૂપ વિષે તમારું મંતવ્ય:

- **ટૂંકું ને ટચ કોને ન ગમે?**

➢ માઈક્રોફિક્શન માટે આપનું મંતવ્ય –સૂચન:

- **માઈક્રોફિક્શનને વધુ લોકો સુધી પહોંચાડવા અવારનવાર શિબિર થવી જોઈએ.**

## ૨. ખુલાસો – રાજુલ ભાનુશાલી

એણે ડૉરબૅલ વગાડવા હાથ ઉઠાવ્યો પણ દરવાજો ખુલ્લો જ હતો! એના હૃદયના ધબકારા વધી ગયા. એ દરવાજો હડસેલીને ફફડતી ઘરમાં પ્રવેશી.

આરામ ખુરશીનું કીચુડ કીચુડ બંધ થઈ ગયું. પિતાની ઠંડી આંખો લોલકવાળા ઘડિયાળ તરફ ફરી.

"પપ્પા! આજે એક્સ્ટ્રા લેક્ચર હતું ને એટલે થોડુંક મોડું થયું," બોલતાં એની પાંપણો ઢળી પડી.

*

હજુ ફાઇલ અને પર્સ ટૅબલ પર મૂકી ને શ્વાસ લીધો ત્યાં જ પ્યૂન આવ્યો. "સાહેબાંની બોલવ્લેય." એણે હળવો નિઃશ્વાસ મૂક્યો અને બોસની કૅબિન તરફ ચાલી.

દરવાજો નૉક કરીને  અંદર પ્રવેશી. ટૅબલની પેલે પારવાળી રીવોલ્વીંગ ચૅર ગોળ ગોળ ફરતી અટકી ગઈ. બૉસની સપાટ આંખોએ જમણા હાથમાં પહેરેલી રાડોની ઘડિયાળમાં જોયું.

"સોરી સર, આજે દીકરાની સ્કૂલમાં પીટીએ મીટિંગ હતી એટલે થોડુંક મોડું થયું," હજુ એ પૂરું બોલી લે એ પહેલા તો પેપરની થપ્પી એની તરફ સરકી અને હુકમ છૂટ્યો," આ કામ આજની તારીખમાં પૂરું થઈ જવું જોઈએ." એણે પેપર્સ લેવા હાથ લંબાવ્યા.

*

પર્સમાંથી ચાવી કાઢીને એણે લેચ ખોલ્યું અને ઘરમાં દાખલ થતાં હાશકારો અનુભવ્યો. શાકની થેલી અને પર્સ હજુ ટેબલ પર મૂક્યાં ન મૂક્યાં ને  નજર રિક્લાઈનર ચૅર પર પડી. સૌમ્ય આવી ગયો હતો. એણે કરડી આંખોએ પ્રથમ મોબાઇલમાં જોયું અને પછી પ્રશ્નાર્થ નજરે એને તાકી રહ્યો

"અરે તમે આવી ગયા! આજે છે ને ઑફિસમાં ઘણું કામ હતું. એક નવો પ્રોજેક્ટ છે એટલે થોડુંક મોડું.."

### પ્રતિભાવ

- સંકેત વર્મા

♣ 'માઈક્રોફિક્શન લેખનકળામાં' જોડાવાની ઈચ્છા કેવી રીતે/ કેમ થઈ?

- **સાહિત્ય, વાંચન અને લેખનમાં ઈન્ટરેસ્ટ**

♣ આ શિબિર બાદ માઈક્રોફિક્શન વાર્તા વિષે તમારી જાણકારીમાં વધારો થયો?

- **હા, ખાસ કરીને વાર્તાતત્વ વિષે વધુ માહિતી મીનલબેન દ્વારા મળી.**

♣ તમારા મતે, શું આપણા સાહિત્યમાં માઈક્રોફિક્શન વાર્તાનું આગવું સ્થાન હોવું જોઈએ?

- **કારણ: હા, કોઈ પણ લખાણ જે હૃદયને સ્પર્શી જાય એ લિટરેચર છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં આ પ્રકાર ખૂબ મહત્વનો જણાય છે.**

♣ માઈક્રોફિક્શન વાર્તા સ્વરૂપ વિષે તમારું મંતવ્ય:

- **માઈક્રોફિક્શન વાચકને પોતાની કલ્પનામાં વિહરવાનો અને સર્જક બનવાનો વધુ અવકાશ પૂરો પાડે છે, એટલે વિશિષ્ટ છે.**

## ૩. એક બટકું – સોનિયા ઠક્કર

"લઈ લે એક બટકું!" વિરાટ શેઠે પોતાના માનિતા નોકર વિજય સામે મીઠાઈ ધરી. રોજની જેમ આજે પણ તેણે એક ટુકડો મોંમાં મૂક્યો.

બે કલાકમાં તો હવેલીમાં હોહા થઈ ગઈ. શેઠના મોંમાંથી ફીણ નીકળતું હતું! તરત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

ત્રણેય દીકરાઓએ વિજય તરફ શંકા દાખવી, પોલીસે ગુનેગારને ઝડપી લીધો.

ડૉક્ટરે મહામુસીબતે શેઠને બચાવ્યા, સૌને હાશ થઈ.

*

જેલના સળિયા ગણતો વિજય પોતાને કોસતો રહ્યો. ધનની લાલસામાં અન્નદાતાને મારવાના પ્રયાસને ધિક્કારી રહ્યો. આંસુભરી આંખમાં દિવાળીની રાત ઝળહળી ઊઠી... ઝૂંપડપટ્ટીમાં લોકોને મીઠાઈ વહેંચતો દેવપુરુષ તેની નજીક આવી ઊભો રહ્યો, હાથ લંબાવ્યો. પણ ડરથી ફફડતો અનાથ કંઈ ન લઈ શક્યો.

"લઈ લે એક બટકું!" સ્મિત સાથે શેઠે કહ્યું હતું.

પછી તો શેઠે એનો હાથ ઝાલી હવેલીમાં કામ આપી જીવતર સુધારી દીધું. કાયમ શેઠને ખાવાનું આપતો ત્યારે એક ટુકડો એમાંથી મળતો જ! એટલે પેલી મીઠાઈમાં એણે એક ટુકડો...

"એઈ ચાલ ઊભો થા. શેઠે ફરિયાદ પાછી ખેંચી છે. તું છુટ્ટો છે જા." પોલીસે છોડી મૂક્યો. આનંદ ને આશ્ચર્યના ભાવ સાથે વિજયે હોસ્પિટલ તરફ દોટ મૂકી.

આઈ.સી.યુ.માં પહોંચી શેઠના પગે પડી રડી પડ્યો. થોડી વારે હિમ્મત કેળવી ઊભો થયો. કાયમી સ્મિત ઓઢીને બેઠેલા શેઠે સફરજનની ડીશ લંબાવતા કહ્યું, "લઈ લે એક બટકું!"

શેઠ-નોકરનો મિલાપ જોઈ રહેલી એક વ્યક્તિ ડરથી ફફડીને બહાર નીકળી ગઈ.

### પ્રતિભાવ

\- નગીન વણકર

♣ 'માઈક્રોફિક્શન લેખનકળામાં' જોડાવાની ઈચ્છા કેવી રીતે/ કેમ થઈ?

- **'માઈક્રોફિક્શન' પ્રકાર વિષે કંઈક જાણવાની-સમજવાની જિજ્ઞાસાના કારણે.**

♣ આ શિબિર બાદ માઈક્રોફિક્શન વાર્તા વિષે તમારી જાણકારીમાં વધારો થયો?

- **હા, ચોક્કસ.**

♣ તમારા મતે, શું આપણા સાહિત્યમાં માઈક્રોફિક્શન વાર્તાનું આગવું સ્થાન હોવું જોઈએ?

- **કારણ: આ પણ એક સાહિત્યનું સ્વરૂપ છે. જેવું અન્ય પ્રકારોનું છે તેવું જ સ્થાન હોવું જોઈએ.**

♣ આપનું મંતવ્ય – સલાહ સૂચન:

- **જુદા જુદા સ્થળોએ આવી શિબિર કરવામાં આવે તથા વધારેમાં વધારે સર્જકોને જોડવાનો પ્રયાસ કરી શકાય. અભિનંદનીય પ્રયાસ છે. ખૂબ સરસ. આભાર.**

## ૪. સરોગસી – સરલા સુતરિયા

અગાશીએ ઊભીને સંધ્યાના રંગોમાં આશકાની સૂરત નિહાળી રહેલા પ્રિયંકનું મન અજબ વિષાદમાં અટવાયું હતું.

આશકાને એણે ખૂબ સમજાવેલી પણ આશકા એકની બે ન થઈ.

કારમી ગરીબાઈ જોઈ ચૂકેલી આશકા આ મોકો છોડવા નહોતી ઇચ્છતી.

પૂરા પાંચ લાખ રૂપિયા મળવાના હતા એને ને વર્ષોવર્ષ દીકરીના અભ્યાસની ફી પણ ભરાઈ જવાની હતી. એટલે સરોગેટ મધર થવાનું ખુદની મરજીથી સ્વીકારી લીધું હતું આશકાએ.

પૂરા નવ મહિના જાત જાળવી જીવેલી આશકા પ્રસૂતિ સમયે હિંમત હારી ગઈ.

ડોકટરે બનતા પ્રયત્નો ચાલુ કરી દીધા.

પ્રિયંક અને વહાલસોઈ દીકરીને જોઈ એની બુઝાતી નજરમાં તેજ ટમટમ્યું ને તરસતું રહ્યું.

## ૫. અસ્તિત્વ - હિરલ કોટડીયા

"સાહેબ, રાતે હું મારી કેબીનમાં સૂતો હતો ત્યાં અચાનક સામેની હોસ્પિટલની બહાર ઊભેલું કૂતરું જોરથી રડયું. કંઈક અજુગતું થયાનો અણસાર આવતા હું બહાર નીકળ્યો, ત્યાં એક સફેદ કપડાંવાળા, બેઠીદડીના માણસને બંધૂક સાથે બહાર નીકળતા જોયો."

ચોકીદારની જુબાની સાંભળી કોર્ટમાં નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. લોકો પેલા બેઠીદડીના માણસ વિશે ગપસપ કરવા લાગ્યા. અને હું તો એ જ અસમંજસમાં હતો કે કૂતરું કેમ રડયું હશે! રાઘવના સફેદ કપડાં જોઈને કે કંઈક બીજું ખરેખર અમંગળ થયું હશે!

હું પણ તે સમયે ત્યાં ખંડેર કે જે એક સમયે હોસ્પિટલ હતી ત્યાં હતો. રાઘવને મળીને પાછો ફરતો હતો. પછીનું કદાચ હું ભૂલી ગયો છું. અત્યારે કોર્ટમાં કોઈને મારી હાજરીની જરૂર નહી વર્તાઈ હોય! એટલે હું  પ્રેક્ષકગણમાં ઊભો છું.

"ઑર્ડર! ઑર્ડર!"

હું તંદ્રાવસ્થામાંથી બહાર આવ્યો. કોર્ટ નવી તારીખ આપીને વિખેરાઈ રહી હતી.

અરે, આ શું? હું દિવાલમાંથી પણ બહાર નીકળી શકું છું? હું જીવતો નથી?

અને મને જોઈને કોર્ટની બહાર ઊભેલું કૂતરું જોરથી રડયું.

## ૬. કુંવારા શમણાં – શીતલ ગઢવી

"સોના! જો તો, સંદેશો આવી ગયો. મારો સિપાહી આવી રહ્યો છે." માહીના હાથમાંથી સોનાએ કાગળ ખેંચી લીધો.

"કોઈનો અંગત પત્ર આમ લઈ લેવાય, બાવરી! તારા સિપાહીનો ઉલ્લેખ હોય તો હું પહેલાં કહું."

ગામના ચોરે બેઠેલા વૃદ્ધ સોનાનું ઊતરેલું મુખ નિહાળી રહ્યા અને જુવાનીયાએ ટીખળ કરી, "નહીં આવે, અમારામાંથી કોઈને પોતાનો કરી લે, તને છોડી ક્યાંય નહિ જઈએ. હા.. હા.. હા.."

"હલકટ...! કેમ તું પુરુષમાં નથી કે સારા ઘરની દીકરી તને કોઈ દેતું નથી?" બોલતાં સોના વાઘણ બની. ઘણા સમયથી પતિના કોઈ સમાચાર કે ફોન નહોતો. એનો પતિ સામાન્ય સિપાહી નહિ પણ ઓફિસર હતો.

માહીના સિપાહીએ આવીને સોનાના પતિના સંયમની વાત કરી.

"માહી તને ખબર છે. અમારી ફૌજમાં નાની જીતનીય શાનદાર ઉજવણી થાય. એમાં શરાબ અને શબાબ બધું, પણ સાહેબ તો હિમાલય જેવા અડીખમ. કોઈ સ્રીને નજીક ન આવવા દે. "આ સાંભળી સોના હર્ષના અશ્રુમાં વહી ગઈ.

***

"આ બંગડીઓ ઉતાર, સીમા પર ગોળીઓની વચ્ચે યાદ આવશે."

"તો ન જા, બંગડી નહિ ઉતારુ."

બંનેયનાં મીઠાં રિસામણાં અને પછી એકબીજામાં વિલીન થઈ જવું.

એ વાત સોનાના રૂંવાડા ઉભા કરતી. લગ્નને બે વર્ષ વીત્યા હતા. એના ઘણાંય સ્વપ્ન હજી કુંવારા હતાં. ગામમાં લાળ ટપકાવતી આંખો. છતાંય કોઈને પોતાની નજીક આવવા દીધા નહોતા. તિજોરીમાંથી લગ્નનું પાનેતર કાઢીને ફરી પહેર્યું.

સંપૂર્ણ નવોઢા બનીને પોતાના આલ્બમને વળગીને પ્રથમ રાત્રિનો રોમાંચ માણી રહી. વરંડામાં કોઈ ચહલ પહલ જણાતા પોતાની જાતને સમેટતી પલંગમાં બેઠી થઈ.

## ૭. અલાર્મ - હાર્દિક કલ્પદેવ પંડ્યા

મારી આંખમાં આંખ પરોવી એણે મારો હાથ પકડ્યો અને કહ્યું, "દુષ્યંત, તેં આવું વિચાર્યું જ કેમ કે, તું મારે લાયક નથી?" મને ભેટતા સાથે એ બોલી, "હું પણ તને પ્રેમ કરું છું!"

હું આગળ કંઈ બોલું તે પહેલા જ...

"એહસાન તેરા હોગા મુઝ પર..." મોબાઈલ રણક્યો. મારી ઊંઘ ઊડી. 'ઈટ્સ ટાઈમ ફોર હોસ્પિટલ વિઝિટ' અલાર્મ સાથે મૅસેજ ફ્લેશ થયો.

અલાર્મ બંધ કરી રાબેતા મુજબ એનું વ્હોટ્સએપ ડીપી સસ્મિત થોડીવાર જોઈ મેં બેકનું બટન દબાવ્યું અને હોસ્પિટલ જવા તૈયાર થયો.

## ૮. અસંમજસ – અતુલ ભટ્ટ

તે અકળાઈ ઊઠી. કેટલીય રાતનાં ઉજાગરાથી તેને બેચેની જેવું લાગી રહ્યું. ફરી તેણે વૉર્ડરૉબમાંથી પીઠી કલરની સાડી હાથમાં લીધી ને સિલ્કી યાદોથી તે તરબતર થઈ ઊઠી.

વિચાર્યું, 'લાવ ફરી પ્રયત્ન કરી નિમિષનો કૉન્ટેક્ટ કરુ.' મોબાઈલ હાથમાં લઈ થોડું વિચારી, તેણે ફોન નીચે મૂકી દીધો.

બપોરના ત્રણનો સમય એટલે સ્ટારપ્લસ પર આવતી રોજની શ્રેણી "રિશ્તા પ્યારકા"નો સમય, પણ  તેને  આજે મૂડ  ન હતો. મનોમન થોડી  અસંમજસતા બાદ તેણે પ્રણયને  ફોન જોડ્યો.

સામે છેડેથી પતિનાં થોડા શુષ્ક પ્રતિભાવની આશંકા તો હતી જ તે સાચી ઠરી.

અંતે; કંટાળી તે ડાર્ક બ્લ્યુ ડ્રેસ પહેરી સીધી જ પ્રણયની ઑફિસ પહોંચી ગઈ. નીચે પાર્કિંગમાં નિમિષની  કાર જોઈ થોડી ખચકાઈ.

હજી કાંઈ વિચારે તે પહેલા પ્રણય અને નિમિષ હસતાં હસતાં આવતાં જણાયા.

તે સહેજ ખસી એક લાલ-કારની આડશમાં ઊભી રહી ને વિચારી રહી,  આજે રાત્રે પણ પ્રણય ફોરેન-ડેલિગેટ્સનું બહાનું બતાવશે કે  શું..?

## ૯. ટોળું – યામિની પટેલ

મેં દોડીને લોટવાળા હાથે જ ફોન ઉપાડ્યો.

"હા, બોલો કરૂણાબેન કેમ છો? અમે આજે જ તમને ફોન કરવાના હતા. બહુ દિવસથી જૂઈ સાથે વાત નહોતી થઈને! હેં....?"

મારી રાડ પડી ગઈ. હાથમાંથી રિસીવર પડી ગયું. મારી ચીસ સાંભળી એ ઉતાવળે બહાર આવ્યા. ફોનનું સ્પીકર કંઈ બોલી રહ્યું હતું. એમણે ચૂપચાપ એ સાંભળ્યું. આખા રસ્તે ટ્રેનમાં પણ અમે બન્ને કંઈ જ ના બોલી શક્યા.

ત્યાં પહોંચી હું બેસી પડી ને જૂઈને વળગી જોરજોરથી રડવા લાગી. ઊભા થતા ચાદર સ્હેજ સરકી ગઈ. મેં જોયું તો જૂઈના ગળા પર....

મારાથી ગુસ્સામાં બાજુમાં બેઠેલા સુશીલકુમાર સામે જોવાઈ ગયું. એમણે ધીરેથી મારા હાથમાંથી ચાદર લીધી, સરખી રીતે ઓઢાડી અને મને ખભેથી ઊભી કરી સફેદ ટોળામાં બેસાડી દીધી.

# એક ગોષ્ઠી – યુવા સર્જક શ્રી રામ મોરી સાથે.. – રાજુલ ભાનુશાલી



શ્રી રામ મોરી ફેબ્રીકેશન ઇજનેર છે પરંતુ ગુજરાતી સાહિત્ય પ્રત્યેની પ્રીતિ તેમને અલગ મુકામ પર પ્રસ્થાપિત કરી ચૂકી છે. તેઓ સ્વતંત્ર વ્યવસાયિક લેખક છે. ચોવીસ વર્ષના આ પ્રતિભાસંપન્ન લેખકને સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી ૨૦૧૭નો યુવા ગૌરવ પુરસ્કાર એનાયત થયેલો છે.તેઓને ટૂંકી વાર્તા, અહેવાલ, નાટક, સ્ક્રીપ્ટ, સ્ક્રીનપ્લે અને સંવાદ લખવામાં મહારત છે. તો આવો માણીયે રાજુલ ભાનુશાલી સંગાથે શ્રી રામ મોરીએ કરેલી માઇક્રોફિક્શન ગોષ્ઠી!

રાજુલ: માઈક્રોફિક્શન વાર્તા વિષે સાંભળ્યું છે? ક્યારેય વાંચી છે? લખી છે?

રામ: - હા, સાંભળ્યું છે. એક બે વાંચી પણ છે, લખી નથી. અને હા, હું ક્યારેય નહીં લખું એવી કોઈ ભીષ્મ પ્રતિજ્ઞા પણ નથી, મૂડ આવ્યો તો એ પણ લખીશ.

રાજુલ: આ પ્રકાર ધીમે ધીમે ગુજરાતી સાહિત્યમાં પગ જમાવવાની કોશિશ કરી રહ્યો છે. તમને શું લાગે છે? ગુજરાતી વાચકોનો પ્રેમ એને મળશે?

રામ: - વાચકોનો પ્રેમ ક્યારેય કોઈ પ્રકાર સાથે બંધાઈ નથી રહ્યો. એ માઈક્રોફિક્શન છે એટલે જ એને કોઈ વાંચશે અથવા એ માઈક્રોફિક્શન છે એટલે એ  કોઈ નહીં જ વાંચે એ માની લેવું હાસ્યાસ્પદ છે. હું માનું છું કે સાહિત્યનો કોઈ પણ પ્રકાર હોય એમાં બસ એક શરત હોય છે કે એમાં સત્વ હોવું જોઈએ. વાચકને કે ભાવકને એ માણતી વખતે કશુંક પામ્યાનો સંતોષ મળવો જોઈએ અને એ ન મળે તો પછી એ માઈક્રોફિક્શન હોય કે મહાનવલ પણ એનો કોઈ અર્થ નથી.

રાજુલ: ટૂંકી વાર્તા / લઘુવાર્તા /માઈક્રોફિક્શન વાર્તા - શું સામ્ય છે? છે કે નહીં?

રામ: - આ બધામાં એક વસ્તુની સામ્યતા છે. એ છે આદિ, મધ્ય અને અંત. જોકે આ કોઈ શરત પણ નથી કે આ હોવું જ જોઈએ. આ ત્રણેય કોઈ કથા, વ્યથા, વિચાર અને સંવેદનને રજૂ કરી શકે એ માટેનું સુંદર માધ્યમ છે. બાકી લંબાઈ અને શબ્દોના આધારે તમે કૃતિ માપવા બેસો તો એ રેંટિયો લઈને દરિયાના ફીણને કાંતવા જેવી વાત છે.

રાજુલ: અઘરું શું? લઘુકથા, ટૂંકી વાર્તા કે માઈક્રોફિક્શન?

રામ: -  સાહિત્યનો કોઈપણ પ્રકાર લખવો સહેલો નથી. હા, લખનારને ટૂંકી વાર્તામાં લખવાની મજા એટલે આવે, (મારા અનુભવે) કેમકે એમાં તમને કરિયાવર પાથરીને ધીરે ધીરે સંકેલતા હોવાની ફિલિંગ આવે. તમે શબ્દોને નિરાંત રમાડી શકો, પંપાળી શકો. હું લઘુકથાઓ દરેક રવિવારે દિવ્યભાસ્કરની રસરંગ પૂર્તિ માટે લખું છું તો એ અનુભવે કહું તો લઘુકથા લખવા બેસીએ ત્યારે બધું સીધું સ્પષ્ટ અને ઝડપથી કહેવું પડે છે. ઘણા વાચકની એવી ફરિયાદ પણ હોય છે કે તમે લઘુકથા બહુ

ઝડપથી પૂરી કરી નાખો છો, પણ એ લઘુકથાના ફોર્મેટની ( કે એ પ્લેટફોર્મની) મર્યાદા છે. માઈક્રોફિક્શન તો લખી નથી એટલે એનો અનુભવ નથી.

રાજુલઃ શું વાર્તામાં એક જ કેન્દ્રવર્તી વિચાર હોવો જરૂરી છે?

રામઃ - હા, બિલકુલ. નહીંતર લખનાર તો ઠીક છે પણ વાચકનેય ખબર પડી જ જાય કે આ લખનાર સ્વયં ક્લિયર નથી કે એમને શું કહેવું છે. ઘરે મહેમાન આવ્યા હોય અને બાળકને દૂધ લેવા ડેરીએ મોકલીએ અને એ રસ્તામાં ક્રિકેટ રમી આવે, મંદિરે જઈ આવે, દરજીને ત્યાંથી કપડાં લઈ આવે અને ટ્યૂશન પતાવી આવે પછી દૂધ લઈને આવે તો મહેમાન જતા રહે. વાચકનું પણ મહેમાન જેવું જ છે, અધુરેથી કૃતિ છોડી દેતાં એમને વાર નહીં લાગે.

રાજુલઃ વાર્તા લેખનની વિવિધ શૈલીઓ વિશે સમજાવો.

રામઃ - વાર્તા લેખનની આમ તો ઘણી બધી શૈલીઓ છે. કેટલાક વાર્તાકારો પ્રથમ પુરુષમાં વાર્તા લખે જેમકે મેં આ જોયું...હું આવ્યો. કેટલાક વાર્તાકારો બીજા પુરુષમાં વાર્તા લખે કે પછી મેં જોયું કે છગનભાઈ એમના ઘેર ગયા...આ એમણે તાળું ખોલ્યું...આ એ ઘરમાં ગયા. કેટલાક વાર્તાકારો ત્રીજા પુરુષમાં વાર્તા લખે જેમકે છગનભાઈ એમના ઘેર ગયા, તાળું ખોલ્યું અને ઘરમાં ગયા. કેટલીક વાર્તાઓ માત્ર વર્ણનની વાર્તાઓ હોય તો કેટલીક વાર્તાઓ માત્ર સંવાદની વાર્તાઓ હોય. કેટલીક વાર્તામાં સંસ્કૃત નાટકોની જેમ બે પાત્રો સમગ્ર ઘટનાની વાત કરતા હોય તો કેટલીક વાર્તામાં નિર્જીવ પાત્રો આખી સજીવારોપણની શૈલીમાં વાત કરતા હોય છે. એટલે વાર્તા તો અનેક શૈલીમાં લખાયેલી છે અને ગુજરાતી વાર્તાજગત એ બાબતે ખૂબ સમૃદ્ધ છે.

રાજુલઃ વાર્તા લેખનનાં પૂર્વ સૂરીઓ વિશે કંઈક કહો.

રામઃ - વાર્તા લેખનનાં પૂર્વ સૂરીઓ વિશે કહેવા બેસું તો ચોક્કસ એકાદ બે કે અનેક નામો છૂટી જશે કેમકે આપણી ભાષાને એટલા સમૃદ્ધ સર્જકો મળેલા છે. હું મારા મર્યાદિત વાંચનના અનુભવે કહું તો મલયાનિલથી શરૂ થયેલી આ કથા પરંપરાને અનેક સર્જકો

મળ્યા છે. ધૂમકેતુ, મડિયા, ઈશ્વર પેટલીકર, મેઘાણી, પન્નાલાલ પટેલ, જયંત ખત્રી, સૂરેશ જોષી, સુંદરમ,સરોજ પાઠક, જોસેફ મેકવાન, હિમાંશી શેલત, ધીરુબેન પટેલ, વીનેશ અંતાણી, હરીશ નાગ્રેચા, મોહન પરમાર, કિરીટ દૂધાત, બિંદુ ભટ્ટ, માય ડિયર જયુ, અજીત ઠાકોર, મણીલાલ પટેલ, પરેશ નાયક, નવનીત જાની, જીતેન્દ્ર પટેલ, મહેન્દ્રસિંહ પરમાર, નિતીન ત્રિવેદી, અજય ઓઝા, જીગ્નેશ બ્રહ્મભટ્ટ, વિજય સોની, સંજય ચૌધરી, પ્રભુદાસ પટેલ, પુજા તત્સત, નિતા જોષી, રેણુકા પટેલ, નીલમ દોશી, અજય સોની, જીગ્નેશ જાની, શક્તિસિંહ પરમાર, સાગર શાહ, અભિમન્યુ આચાર્ય, આનંદ ઠાકર, ચિંતન શેલત અને બીજા અનેક...મને ખાત્રી છે કે હું કેટલાય નામો ભૂલી ગયો છું.

રાજુલઃ કેવા પ્રકારનાં રસનું નિરૂપણ વાર્તામાં દોષ ગણાય?

રામઃ - નવ રસમાંથી એકપણ રસ એવો નથી કે જેનું નિરૂપણ વાર્તામાં દોષ ગણાય.

રાજુલઃ વાર્તા લેખનમાં ભાષા અને પરિવેશનું મહત્વ સમજાવો.

રામઃ - ભાષા અને પરિવેશ એ જ તો વાર્તાની પાયાની જરૂરિયાતો છે. દોરા વિના કોઈ કાપડમાં સિલાઈ કેવી રીતે થાય? ઘણા વાર્તાકારો માત્ર પરિવેશની વાર્તાઓ કરતાં હોય છે પણ એના પરિવેશમાં પણ જાણે અજાણે એ ભાષા આવી જ જાય. એવું ભાષાને ધ્યાનમાં રખાયેલી વાર્તાઓનું છે કે ત્યાં પણ પરિવેશ આવી જ જાય. ભાષા અને પરિવેશ થકી વાચક બહુ ઝડપથી કૃતિ સુધી પહોંચી જાય છે.

રાજુલઃ માઈક્રોફિક્શનમાં અંતનું ખૂબ મહત્વ છે. વાર્તામાં અંત કેવી રીતે કરવો જેથી ચોટડુકતા વધે એ સમજાવશો.

રામઃ - પહેલાં તો આ માન્યતા જ ખોટી છે કે અંત ચોટવાળો હોય તો જ વાર્તા કે કથાનો કોઈ પ્રકાર ચોટદાર હોય. કેટલીક વાર્તાના અંત અધૂરાં હોય છે, ભાવક પર છોડી દેવાયેલા હોય છે, એમ છતાં એ વાર્તા અસરકારક જ હોય છે. મૂળ પ્રશ્ન અને જરૂરિયાત વાર્તાની માવજતની છે, માત્ર અંતઃકેન્દ્રી વલણ નહીં.

રાજુલઃ તમારી વાર્તામાં આવતા પાત્રો વિષે કહેશો..

રામઃ - મારી વાર્તામાં મહાનગર અને ગ્રામીણ વિસ્તારની સ્ત્રીઓના પાત્રો સમાંતરે આવતા રહે છે. હાઈસ્કૂલમાં ભણવા જતી છોકરીઓ પણ મારા પાત્રો હોય છે જેથી કરીને એમની આંખોના વિસ્મયનો લાભ મારી વાર્તાને મળે. મોટી ઉંમરની સ્ત્રીઓ પણ મારી વાર્તામાં પાત્રો હોય છે કે જેમની પાસેથી અનુભવની વાતો કહેવડાવી શકાય. મોટા ભાગે હું સમસ્યાપ્રધાન વાર્તા લખવા કરતાં સંવેદનાપ્રધાન કે સ્થિતિપ્રધાન વાર્તા લખવાનું વધારે પસંદ કરું છું.

રાજુલઃ વાર્તામાં કયા ગુણધર્મ હોવા જોઈએ?

રામઃ - સાચું કહું તો આ માપદંડો આજ સુધી કોઈથી નક્કી નથી થયા.

રાજુલઃ તમારી લેખન પ્રક્રિયા વિષે અમને જાણવું ગમશે.. કેવી રીતે હૃદયને ઝંઝોડી નાખતા આઈડિયાઝ તમે આલેખો છો?

રામઃ - મોટાભાગે નાનપણના અનુભવો અને આપણે જોયેલી જાણેલી વાતો જ આપણી કૃતિમાં આવતી હોય છે. પરંતુ દરેક વખતે આ વાત લાગું નથી પડતી. અત્યારની સ્થિતિ પરિસ્થિતિમાં તમારા વિચારો અને અનુભૂતિ પણ વાર્તા માટે લાભદાયક હોઈ શકે જે મને મળે છે. વાર્તા લખતા પહેલાં આખી વાર્તા મારા મનમાં દ્રશ્ય પ્રમાણે ગોઠવાઈ ગઈ હોય છે અને પછી જ હું લખવા બેસું છું એટલે લખતી વખતે મને એ મૂંઝવણ નથી હોતી કે હવે હું શું કરું કે વાત કેવી રીતે આગળ વધારું. આખી વાર્તા મનમાં ગોઠવાઈ ગયા પછી મને કોઈકને કહેવા જોઈએ. એનાથી વાર્તા કહેતી વખતે જરૂરી ન હોય એવી બાબતો તુરંત નીકળી જાય અને ઘણી સારી વસ્તુઓ કહેતા કહેતા ઉમેરાઈ જાય. અને પછી હું વાર્તા લખવા બેસું છું. આ મારી વાર્તા લેખનની પ્રક્રિયા છે.

રાજુલઃ મુખ્યત્વે કેવા વાચકોને ધ્યાનમાં રાખીને સર્જન કરતા હો છો?

રામઃ - કોઈ વાચક નહીં. લખતી વખતે તમે અને વાર્તા બે જ લોકો સાવધ અને સજાગ હોય છે. એ વખતે ભાવક કે વિવેચકનો વિચાર નથી જ આવતો. જો ખરેખર લખવું હોય તો થોડા એટલા તો નફ્ફટ થવું જ પડે.

રાજુલઃ આપના ગુજરાતી સિવાયની ભાષાના પ્રિય સર્જક કયા? એ વિશે કહેશો..
રામઃ - મને અમૃતા પ્રિતમ, યશપાલ, ટાગોર, મન્નુ ભંડારી, નિર્મલ વર્મા અને માનવ કૌલ ખૂબ ગમે છે.

રાજુલઃ અન્ય સર્જકની વાર્તાઓ  કે જેમણે તમારા મનોમસ્તિષ્ક પર ઊંડી અસર છોડી હોય.. એના વિષે વાત કરવું ગમશે?
રામઃ -  મને ખૂબ ખૂબ ગમતા સર્જકો કે જેમના કારણે હું લખી રહ્યો છું એવા સર્જકો મડિયા, માય ડિયર જયુ, કિરીટ દૂધાત, મહેન્દ્રસિંહ પરમાર, શક્તિસિંહ પરમાર, વીનેશ અંતાણી અને માનવ કૌલ છે. આ બધા એ સર્જકો છે કે જેમને વાંચ્યા પછી મને સતત ઈર્ષા આવે કે મને કેમ આવું ન સૂઝ્યું...સતત એ ઈર્ષાની આગ છાતીમાં બળતી રહે એટલે આ લોકોને ફરી ફરી વાંચતો રહું છું.

રાજુલઃ કોઈ પ્રેરણા મૂર્તિ ખરી?  ક્યારેય વિચારેલું કે લેખક બનીશ, કે પછી અનાયાસે જ આ ક્ષેત્રમાં પ્રવેશી ગયા?
રામઃ હા આઠમા ધોરણમાં હતો ત્યારથી વિચારેલું કે લેખક બનીશ અને એ માટે સતત અને પુષ્કળ વાંચતો રહ્યો છું. અનાયાસે તો નથી જ આવ્યો વાર્તાના ક્ષેત્રમાં. જેટલા સર્જકોને વાંચ્યા છે એ તમામ પ્રેરણા મૂર્તિ જ છે.

રાજુલઃ વાર્તામાંથી સ્ક્રીપ્ટ લખવાની હોય તો ક્યા મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ? બીજા લેખકની લખાયેલી વાર્તા પરથી સ્ક્રીપ્ટ લખવી કે પોતાની સ્વતંત્ર સ્ક્રીપ્ટ લખવી, આ બંનેમાં અઘરું શું?
રામઃ -આમ તો એક જ જવાબ છે કે વાર્તા હોવી જોઈએ. એક રીતે જોઈએ તો જ્યારે કોઈ વાર્તા પરથી ફિલ્મ કે ટેલિવિઝનની સ્ક્રીપ્ટ લખવાની હોય ત્યારે કદાચ એવું પણ બને કે મૂળ વાર્તા કરતાં અહીં શરૂઆત મધ્ય અને અંત ત્રણેય બદલાઈ જાય. વાર્તા જ્યારે કાગળ પર હોય ત્યારે કહેનાર પાસે બહુ બધી છૂટછાટ હોવાની અને ભાવક પક્ષે ઈમેજિનેશનના પાવર જેટલો સબળ એટલો કૃતિને ફાયદો. પણ જ્યારે આ જ વાર્તા કોઈ કૅમેરાથી કંડારાવવાની હોય ત્યારે પટકથા લેખકે દરેક ફ્રેમનો હિસાબ આપવાનો હોય છે. દ્રશ્યમાં દેખાતી દરેક વસ્તુનો સીધો પડઘો ઑડિયન્સમાં પડે એ જવાબદારી સ્ક્રીપ્ટ રાઈટરની છે. બાકી દરેક સ્ક્રીપ્ટ રાઈટરની પોતાની ટેક્નિક અને સમજણ હોય છે. એ પ્રમાણે એક જ વાર્તા અલગ અલગ દ્રષ્ટીકોણથી રજૂ થાય છે. શરદબાબુની નવલકથા દેવદાસ અત્યાર સુધી મોટા પરદે અનેક ભાષાઓમાં બની છે અને એ મૂળ કૃતિ કરતાં અનેક ફેરફારો ફિલ્મોમાં થતાં રહ્યા છે. એના માટે એક રૂપકડો શબ્દ છે સિનેમેટિક લિબર્ટી. ચુનિલાલ મડિયાની વાર્તા અભુ મકરાણી તમે વાંચો અને પછી એ જ વાર્તા  પરથી બનેલી કેતન મહેતાની ફિલ્મ મિર્ચ મસાલા જુઓ તો બંનેની અસર અલગ અનુભવાશે. મજાની વાત તો એવી છે કે અમુક સંજોગોમાં મૂળ કૃતિ કરતાં ઉત્તમ ફિલ્મ બનતી હોય છે તો અમુક સંજોગોમાં મૂળ કૃતિનો આત્મા જ ખોવાઈ જતો હોય છે. મોટાભાગે ડિરેક્ટરની ઈચ્છા મૂજબ પણ વાર્તામાં ફેરફારો થતાં હોય છે. ક્યારેક કોઈ પટકથા લેખકની એમાં દખલગીરી હોય છે અને ક્યારેક તો એને જણાવવાનીય જરૂર પ્રોડ્યૂસર ડિરેક્ટરને લાગતી નથી. પોતાની જ વાર્તા પરથી જ્યારે પટકથા કરવાની હોય ત્યારે થોડા રીલેક્સ હોઈએ એ સ્વાભાવિક છે. કેમકે, ત્યાં બધા  જ પાત્રો અને ઘટનાઓના આપણે સંપૂર્ણતયા સાક્ષી હોઈએ છીએ. પણ જ્યારે બીજાની વાર્તા પરથી પટકથા કરતાં હોઈએ ત્યારે મૂળ કૃતિનો મૂડ, એની અસર, એના પાત્રોની ગરિમા આ બધું સાચવવાનો એક વિચિત્ર ભાર સતત આપણી ઉપર રહે છે.

રાજુલ: સ્ક્રીપ્ટ રાઈટિંગ વિષે બેઝિક જાણકારી આપશો. શૉર્ટ ફિલ્મ માટે માઇક્રોફિક્શન પરથી સ્ક્રિપ્ટ રેડી કરવાની હોય તો કઈ બાબતો ધ્યાનમાં રાખવાની હોય?

રામ: - જુઓ, હાઉ ટુ રાઇટ સ્ક્રિપ્ટ એ હું તો શું કોઈ પણ સ્ક્રિપ્ટ રાઇટર ઇન્ટરવ્યૂ બેઝ પર સમજાવી નહિ શકે! કેમકે કહી શકાય એવી બાબત જ નથી! આઇમીન એટલો ઇઝી વે નથી કે હું સરળતાથી એક્સપ્રેસ કરી શકું. એ પ્રક્રિયા શબ્દોમાં ઢાળી શકાય એમ નથી.

રાજુલ: તો શું એ અનુભવે શીખવાની વસ્તુ છે કે પછી ઍક્સ્પર્ટ પાસે વ્યવસ્થિતપણે જ શીખવું પડે?

રામ: - અનુભવે શીખવાની વસ્તુ છે. કોઈ પણ ઍક્સ્પર્ટ ન જ શીખવી શકે એમ હું દ્રઢપણે માનું છું.

રાજુલ: બરાબર.. એટલે આમાં ઍક્સ્પર્ટ માત્ર દિશાસૂચન કરી શકે કે માળખા વિશે ગાઈડ કરી શકે પણ અનુભવ સાથે આપસૂઝ એ જ મૂળ શિક્ષક!

## પ્રતિભાવ

- કવિતા વિનોદ મોદી

- ‘માઈક્રોફિક્શન લેખનકળામાં’ જોડાવાની ઇચ્છા કેવી રીતે/ કેમ થઈ?
  - **સાહિત્યમાં અત્યંત રસ રુચિ, ઘણું સાહિત્ય પ્રકાશિત થયું, ઘણાં સાહિત્યિક અવાર્ડ મેળવ્યા તો વધુ પક્વતા મેળવવા.**
- આ શિબિર બાદ માઈક્રોફિક્શન વાર્તા વિષે તમારી જાણકારીમાં વધારો થયો?
  - **હા, ચોક્કસ.**
- તમારા મતે, શું આપણા સાહિત્યમાં માઈક્રોફિક્શન વાર્તાનું આગવું સ્થાન હોવું જોઈએ?
  - **કારણ: હા, વધુ લોકો લખી નથી શકતા. વધુ કહેવાની ક્ષમતા અને જાણવા મળે, ઝબકાર થાય.**
- માઈક્રોફિક્શન વાર્તા સ્વરૂપ વિષે તમારું મંતવ્ય:
  - **સારું છે એનો પ્રસાર પ્રચાર થવો જોઈએ.**
- આપનું મંતવ્ય – સલાહ સૂચન:
  - **વર્ષમાં બે વાર શિબિર થવી જોઈએ, વાસ્તવિક રૂપે લખવા માટે પ્રેરિત કરવું તેમજ સારી કૃતિ ગ્રંથસ્થ થાય તો વધુ સારું.**

## ૧૦. ડીમલાઇટ – અનુજ સોલંકી

રાજકુમાર સિદ્ધાર્થે ફરી પ્રશ્ન કર્યો, "છન્ન, આ કોણ છે જે ખૂણામાં તરફડી રહ્યો છે?"

પલટાતા પાના સાથે વિરાજ વધુ દૃઢ બનતો ગયો.

’...ને સિદ્ધાર્થ યશોધરા અને રાહુલને મૂકી સત્યની શોધમાં નીકળી ગયો.’

"તો શું હું પણ?" ડીમલાઈટના અજવાળે તેણે પુસ્તક બાજુ પર મૂક્યું.

"હજી જાગો છો?" કહી આંખ ચોળતી શ્રીયાએ તેને ફરી પોતાના પાલવમાં ઢાંકી દીધો.

ડીમલાઈટના ઉજાશમાં પુસ્તક હસતું રહ્યું.

## ૧૧. પરંપરા - પ્રિતી ભટ્ટ

"વાસુ ઓ વાસુ!"

"હા મા,"

"સાંભળ દીકરા, તું હવે બાર વર્ષનો થઈ ગયો. કાલથી તારા બાપુ સાથે ભટ્ઠે જવા માંડજે."

"ભટ્ઠે? અરેરે.. હું પાદરે શાળા છે ત્યાં ભણવા જવાનો છું. માસ્તરજી કહેતા હતા કે, દાખલો થઈ જશે."

"ના; સાત ચોપડી ભણ્યો એ બઉં થયું. હવે બાપુ સાથે બે પૈસા લાવતો થઈ જા. સારું મૂરત જોઈ રેવાનું આણું કરી લઈ આવું, જેથી મારેય કામમાં મદદ રે."

પૂનમની સંધ્યાએ આઠ વર્ષની કુમળી રેવા, સોળે શણગાર સજી વાસુના ઘરમાં પ્રવેશી.

રેવા વાસુની પાછળ પાછળ ઓરડામાં પહોંચી.

નાનકડી રેવા કૂદીને ખૂણે ખીટીએ ટીંગાડેલું દફતર હાથમાં લઈ,

"આ તમારું છે?"

"હા, કેમ?"

"હુંયે આવું જ દફતર લઈને ઇશકુલ જઈશ!"

થોડા દિવસ પછી વાસુ દોડતો ઘરે આવ્યો.

"મા, કાલથી રેવા ઓલી પાદરવાળી ઇશકુલમાં જશે. માસ્તરજીને અત્યારે જ દાખલાનું પૂછી આયો."

"અરે, એ વહુ કહેવાય; ઇશકુલ ના જવાય એનાથી. છાનોમાનો ભટ્ઠે જા."

હું લાચાર બની રેવાના આંસુ જોતો રહ્યો. સવારે મારી આંખોમાં આંખ પરોવી એણે હાથ પકડ્યો અને બોલી,

"વાસુ, હું ઇશકુલ ન જઈ શકું?"

મારી અધૂરી ઇચ્છા અને પરંપરાના વહેણે કંઈક નવો જ માર્ગ દેખાડ્યો ને હું ઝડપથી દોડયો.

## ૧૨. યાદ – રીતુ મહેતા

નિલયની ઑફિસની ફાઇલો ગોઠવીને તૈયાર કરવી, પોતાના પ્રોજેક્ટ અસાઇનમેન્ટ્સ સબમીટ કરવા, ગુરખાને પૈસા ચૂકવવા, કચરાપેટી ખાલી કરવી.

તે રોજ રાત્રે પોતાના માટે બદામ પલાળવા સિવાય ક્યારેય કશું જ ના ભૂલી.

## ૧૩. અનર્થ – ઝીલ ગઢવી

વરસાદે રૂપ બદલ્યું. જાણે શિવે હાથમાં ડમરું લઈને તાંડવનો પ્રારંભ કર્યો, એમ સ્મૃતિને લાગ્યું. એ ભીંજાવાનું છોડી ઘરમાં પરત ફરીને રૂમમાં બેસી ગઈ.

"કેમ બેટા, આજે કોરાં રહેવાનું નક્કી કર્યું કે શું!"

"ના મા, બસ એમ જ. ઇચ્છા નથી."

"ક્યાં સુધી એ વાત યાદ કરીને દુઃખી થઈશ. જૂની વાતોને વહી જવા દે. આજના વરસાદમાં ભરપૂર ભીંજાઈ જા."

"એ નહિ થાય. ક્યારેય નહિ."

"સમયને પાછો લઈ અવાતો હોય તો હાલ લઈ આવું. પણ એનો કંઈ અર્થ ખરો? એમાંથી વહેતી યાદોના શબ સિવાય શું મળશે?"

"દરેક વાતનો અર્થ ન શોધ તો સારું. અને હા મને અત્યારે મારી એકલતા સાથે છોડ."

સ્મૃતિના સ્મૃતિ પટ પર સુરતમાં આવેલ પૂરમાં વહી ગયેલ પોતાના ઘરની સાથે સામે બારીએ પાંગરતો એનો પ્રથમ દૃષ્ટિનો પ્રેમ યાદ આવી ગયો.

"સારું દીકરી." બોલીને રૂમમાંથી બહાર નીકળતા તેણીની માએ ફોટા પરથી સરકી ગયેલો હાર સરખો કર્યો.

## ૧૪. છાપું – સંજય થોરાત

રોજ સવારે રમણલાલ ત્રીજા માળની ગેલેરીમાં છાપું લેવા હાજર હોય..

અને બારીમાં એમની દીકરી અમી ફેરિયા સાથે નજર મિલાવવા.

એ એમનાં ફ્લેટ પાસે આવે એ પહેલા સાઇકલની ઘંટડી વગાડતો અને એ બન્ને પોતપોતાના કામે ડોકું બહાર કાઢતાં, આ નિત્યક્રમ..

એ ત્રણ દિવસના બ્રેક બાદ ફરી છાપું નાંખવા આવ્યો, ગેલેરી ભરેલી અને બારી ખાલી હતી. એ અટક્યો, રમણલાલે એને ઇશારો કરી ઉપર બોલાવ્યો.

એ ગભરાટ અનુભવતો, ચોરી પકડાયાની બીકે સીડી ચઢતો રહ્યો, રમણલાલ બારણે જ ઊભા હતા,

"તારે એને સાઇકલ સવારી કરાવવી હતી ને?"

"... ... ... "

"સૂર્યાસ્તની લાલીમા બતાવવી હતી ને?"

"... ... ..."

"દોસ્ત, તારી ચિઠ્ઠી મારા હાથમાં આવી ગઈ."

એ નીચી મૂંડીએ બધું સાંભળતો હતો. એટલામાં રમણલાલે છાપાનું છેલ્લું પાનું ખોલીને એના હાથમાં આપ્યું.

..અને એ ધ્રૂજી ઊઠ્યો, નીચે સાઇકલમાં ધડાકો થયાનો અવાજ ઉપર સુધી આવ્યો..

## ૧૫. મર્સી કિલિંગ – આલોક ચટ્ટ

"ભલે ને ત્રણ વર્ષથી કોમામાં છે...પણ આટલી જુવાનજોધ દીકરી માટે સામે ચાલીને મોત ન મંગાય."

બધાં સાસરિયા તેમજ માતાપિતાએ બહું  જ સમજાવી પણ આશકા એકની બે ન થઈ.

"પણ બેટા આમ અચાનક મર્સી કિલિંગની અરજી કરવાનું કારણ તો કહે...."

આશકાએ  જવાબ આપવાને બદલે ઘૃણા ભરી નજરે પોતાનાં બીજા પતિ સામે જોયું.

## ૧૬. દાખલો – જાહ્નવી અંતાણી

બેંચ પર બેસતાં જ જેનો ડર હતો એ જ સામે હતું, એક લાલ ગુલાબ રાહ જોઈ રહ્યું હતું.

પ્રિયાને અંદેશો તો હતો જ, કે કોણ હશે! મનમાં ગમતું પણ ખરું. થોડીવાર પછી એવું લાગ્યું કે એ જોઈ રહ્યો છે કે આ ગુલાબનું હું શું કરું છું. તેણે ત્રાંસી નજરે જોઈ લીધું. ‘હા, એ જ હતો, રાહુલ. કોણ જાણે શું થયું, એણે ગુલાબ હાથમાં લઈ, એને સૂંઘી, છાતી સરસું ચાંપી અને બેગમાં મૂકી દીધું.

રાહુલ, એક સ્કોલર વિદ્યાર્થી, ઉંચો, ગોરો, મનમાં વસી જાય એવો. પ્રિયાને પણ ગમ્યો જ હતો, પરંતુ તેને પહેલા એક કારકિર્દી બનાવવી હતી. બચપણથી જાળવી રાખેલો અભ્યાસનો ગ્રાફ ઉંચો લઈ જવો હતો. અને હજુ બારમું ધોરણ જ હતું ને!

આજે એક નિર્ણય લઈ લીધો, મેથ્સની નોટ લઈ કંઈક ટપકાવી, રાહુલ પાસે જઈ ઊભી રહી, “રાહુલ, મેથ્સનો દાખલો સમજાવને, જો તો ક્યાં સ્ટેપ ચૂકાયું છે? જવાબ જ નથી આવતો.”

પકડાઈ ગયાની બીકે થોડો ગભરાયેલો રાહુલ એની સામે જોઈ રહ્યો, ખિસ્સામાંથી રૂમાલ કાઢી પરસેવો લૂછવા લાગ્યો.

ત્યાં તો ક્લાસના દરવાજે આવીને ઊભેલા મેથ્સના સરે પ્રિયાને કહ્યું, “પ્રિયા, તને વળી ક્યારથી મેથ્સના દાખલામાં પ્રૉબ્લેમ થવા માંડ્યો? બતાવ તો મને.”

જલ્દીથી પ્રિયા પાનું વાળેલી નોટ ત્યાં જ રાખી, સૂચક નજરે રાહુલ સામે જોઈ, પોતાની બેંચ પર જઈ બેસી ગઈ.

## ૧૭. ઈઝહાર – એંજલ ધોળકીયા

રીયુનિયન પાર્ટીમાં મિત્રોને મળતી હળતી પ્રિયાની આંખો અને પગ આશિષને જોઈ થંભી ગયા... આંગળીએ પાંચ વર્ષની મીઠડી દીકરીને લઈને એ ઊભો હતો. ચહેરા પરની સૌમ્યતા આજે પણ એવીજ હતી. શાળાના એ દિવસોમાં મિત્રોની મજાકના ડરથી આશિષથી દૂર જવાને બદલે એને કહી નાખ્યું હોત તો? પોતાનો પ્રશ્ન એને બાલીશ લાગ્યો... મનને મૂંગું કરી એ આગળ વધી અને વહાલથી બાળકીનું નામ પૂછવા લાગી.

બાળકીએ કહ્યું, “પ્રિયા!”

## ૧૮. ઇફતારી – પૂર્વી બાબરિયા

"જે ખબર હોય એ સાચું કહી દે રેશ્મા, આ લાકડી તારી સગી નહીં થાય." ઇન્સ્પેક્ટરનો ધમકીભર્યો અવાજ સાંભળી ધ્રૂજતા ધ્રૂજતા હું બોલી,"સાહેબ, કાંઈ જ ખબર નથી કે રફીક કેવા-કેવા ધંધા કરે છે. રમજાન મહિનો ચાલે છે. મને ઘરે જાવા દ્યો; મારા છોકરાઓ ભૂખ્યાં થયાં હશે."

ઘરે આવીને મેં ઇફતારની તૈયારીઓ શરૂ કરી; નમાજ અદા કરવા બેઠી, ત્યાં દરવાજા પર દસ્તક થઈ. દરવાજે રફીક જ હતો.

"ત્યાં જ ઊભો રે’જે. પોલીસ તને કેમ શોધે છે?" મેં ગુસ્સાથી પૂછ્યું.

પાસે આવીને મારી આંખમાં આંખ પરોવી એણે મારો હાથ પકડ્યો ને બોલ્યો, "થોડા પૈસા મળે તો મદદ કરવામાં શું વાંધો?"

"નથી જોઈતાં એવા પૈસા." કહી મેં ફોન ઘુમાવ્યો અને બીજા દિવસે અખબારની હેડલાઇન હતી, ’પતિના કાળા કરતૂતોનો પર્દાફાશ કરતી પત્ની!’

"ઇમરાન, પ્લાન સક્સેસફુલ." મારા ફફડતા હોઠ ઇફ્તારી આપવા માટે તરસી રહ્યા હતા.

## ૧૯. નમાયો – લતા સોની કાનુગા

નમાયો રાજુ ચિત્ર દોરી ને એમાં રંગ પૂરી પોતાના બેરંગ જીવનમાં ખુશ રહેવાનો પ્રયત્ન કર્યા કરતો.

એમાં એકવાર એના હાથમાં મારો ફોટો આવી ગયો...સફેદ સાડીમાં લાલ રંગથી એના નાજુક હાથથી ચિતરામણ કરવા ગયો ને ભૂલથી રંગના છાંટણા પડ્યા ને એનું મોઢું પડી ગયુ. હું ગુપચુપ એ શું કરે છે એ જોતી હતી. એની પાસે જઈને એને ગળે વળગાડ્યો. એ તો જાણે મને છોડવા જ તૈયાર ન હોય એમ વળગી રહ્યો.

આખરે હું પણ એક શહીદની નછોરવી વિધવા હતી ને!

એના દારૂડિયા બાપા પાસેથી એને દતક લીધો ત્યારે મનને શાંતિ થઈ. એ જોઈને રાજુના બાપાને એ ફોટામાં જોયેલા લાલ છાંટા યાદ આવ્યા ને આંખમાં આવતા આંસુ રોકી પોતાની જાત પર હસ્યો.

### પ્રતિભાવ

- મીતલ નિમેષ પટેલ

- ‘માઈક્રોફિક્શન લેખનકળામાં’ જોડાવાની ઇચ્છા કેવી રીતે/ કેમ થઈ?

  **અનાયાસ જ. અક્ષરનાદની મુલાકાત દરમ્યાન આ પ્રકારે મને આકર્ષી.**
- આ શિબિર બાદ માઈક્રોફિક્શન વાર્તા વિષે તમારી જાણકારીમાં વધારો થયો?

  **હા, જરૂર થયો. “આહ - વાહ”ની સફર કેવી રીતે ખેડવી એ વિષે પ્રેરણા મળી.**
- તમારા મતે, શું આપણા સાહિત્યમાં માઈક્રોફિક્શન વાર્તાનું આગવું સ્થાન હોવું જોઈએ?

  **હા, કારણ કે, મનને જે પણ લખવું, વાંચવું ગમે એનું સ્થાન સાહિત્યમાં હોવું જ જોઈએ. અને માઈક્રોફિક્શન પણ છે તો વાર્તા જ.**
- માઈક્રોફિક્શન વાર્તા સ્વરૂપ વિષે તમારું મંતવ્ય:

  **દરેક સિક્કાની બે બાજુની જેમ શબ્દોની મર્યાદા જ માઈક્રોફિક્શનનું જમા અને ઉધાર બન્ને પાસા છે.**
- માઈક્રોફિક્શન માટે આપનું મંતવ્ય –સૂચન:

  **હવેની શિબિરમાં ન સાંભળેલી માઈક્રોફિક્શન ઉદાહરણ રૂપે કે પઠનરૂપે લેવાય તો રસ વૃદ્ધિ જરૂર થાય.**

# સર્જન મેળાવડાનો અહેવાલ.. – સર્જન પરિવાર

સર્જન વ્હોટ્સએપ ગ્રૂપમાં હાલ નેવું જેટલા સભ્યો છે અને તેઓ નાના મોટા શહેરમાં સર્જનનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. 'માઈક્રોસર્જન' પુસ્તક વિમોચન બાદ બધાં સભ્યોને હવે નાના મેળાવડા કરવાનું મન થઈ રહ્યું હતું. પોતાના શહેરની આસપાસ રહેતાં સભ્યો એકબીજાના સંપર્કમાં રહી 'સર્જન' ટોળકી રચી 'ટચુકડા તોફાનની' ચર્ચા કરવાનું નક્કી કર્યું. આ ઓગસ્ટ મહિનામાં જ ત્રણ મેળાવડા થયાં. શરૂઆત રંગીલાં રાજકોટથી થઈ. ત્યાર બાદ ભવ્ય ભરૂચ ખાતે યાદગાર શિબિર કર્યા બાદ ફરી એકવાર મેળાવડો થયો. અહીં અનોખાં અમદાવાદીઓ પણ માઈક્રોફિક્શનના આટાપાટા રમવા એકઠા થયાં. તો ચાલો માણીયે આ મેળાવડાના અહેવાલ.

## 'સર્જન' રાજકોટ મેળાવડો



સર્જન સાહિત્ય ચર્ચાના રાજકોટ પાંખના અને હાલ નોઇડા રહેતા સભ્ય ગોપાલભાઈ ખેતાણી રક્ષાબંધન નિમિત્તે અઠવાડિયા માટે રાજકોટ આવી રહ્યાના આનંદદાયક સમાચાર એક મહિના પહેલા આલોકભાઈ ચટ્ટે મને લડાખમાં આપ્યા.

સર્જન ગ્રૂપના સભ્યોએ ૧૦ ઓગસ્ટ, ગુરુવારની સાંજે પાંચ વાગ્યે 'બીગ બાઇટ' કાફે, રેસકોર્સ ખાતે મળવાનું નક્કી કર્યું. જરૂરી મકાર્યોમાં વ્યસ્તતા હોવા છતાંયે થોડા મોડેથી પણ પહોંચવાની હોંશ હતી, એટલે હેમલબેન દવે, હીરલ કોટડીયા, જીગ્નેશભાઈ કાનાબાર અને હું પાંચને પિસ્તાલીશે ભેગા થયા. ગોપાલભાઈ અને આલોકભાઈ અમારું સ્વાગત કરવા હાજર હતા. સ્વાગત અભિવાદન બાદ સૌ મિત્રોએ પોતાનો ટૂંકો પરિચય આપ્યો. ચર્ચા શરુ કરતાં પહેલા જ્યુશનો ઑર્ડર આપ્યો.

પારસભાઈ અને હેમલબેન સર્જન ગ્રૂપમાં તાજેતરમાં જોડાયા હોવાથી ગોપાલ ખેતાણી, આલોકભાઈ અને જીગ્નેશભાઈએ માઈક્રોફિક્શનની ટૂંકી માહિતી આપી. વિચારોની સાથે સાથે પેટની ભૂખ પણ ઉઘડતાં સેન્ડવીચનો ઑર્ડર અપાયો.

પારસભાઈ અને હેમલબેનના MFC વિષયક પ્રશ્નો હતાં કે માઈક્રોફિક્શનનું મૂળભૂત બંધારણ શું અને ચર્ચા ગ્રૂપમાં અધ્યાહાર શબ્દ ચર્ચાય છે એનું મહત્વ શું? માઈક્રોફિક્શનમાં વર્ણન અને પાત્રાલેખન તદ્દન ઓછું હોય. ઘટના પર જ ધ્યાન અને ચોટદાર શબ્દો સાથે ચમત્કૃતિ જરૂરી. વાર્તા લઘુકથા ન બને એનું ધ્યાન રાખવા સાથે માઈક્રોફિક્શનના અંતે વાચકના મનમાં વાર્તાના અંતના અનેક તંતુઓ નીકળવા જોઈએ. આ મુદ્દાઓ દ્વારા સવાલોનું સમાધાન થયું.

એ ઉપરાંત રાઈટર્સ બ્લૉક વિષે પણ ચર્ચા થઈ. દરેક થીમ પર વાર્તા તુરંત લખી જ નાખવી એવું ના કરવાની પણ સભ્યોને તાકીદ કરી. "બ્રેઈન સ્ટોર્મિંગ" કરી ઉત્તમ સર્જન કરવાનું પણ જણાવ્યું. ઉદાહરણ તરીકે મેં જીગ્નેશભાઈની પત્રલેખન પરની

માઈક્રોફિક્શન વાર્તા 'સજા'ની ચર્ચા કરી. સર્જન ગ્રૂપમાં તેમણે લગભગ એક મહીના બાદ વાર્તા લખી પણ એકદમ ચોટદાર માઈક્રોફિક્શન આપી.

આલોકભાઈએ સૌ મિત્રોને સરપ્રાઇઝ ગિફ્ટ તરીકે તેમનું પુસ્તક 'પ્રેમ-અપ્રેમ' આપ્યું.

માઈક્રોફિક્શન વિષે વધુ ને વધુ જાણકારી સતત મળતી રહેશે એવી બાંહેધરી મળી. લખતાં રહેવું અને ગ્રૂપના પ્રતિભાવોને સકારાત્મક રીતે લઈ ઉત્તમ સર્જન તરફ સતત આગળ વધવું એ વિચાર વધાવ્યો. માઈક્રોફિક્શનની ઓડીયો રજૂઆત વિષે પણ વિચારોનું આદાન પ્રદાન થયું. આશરે દોઢ કલાક ચાલેલા સ્નેહમિલન બાદ પોતપોતાની ફરજોમાં પાછા ફરવા સૌએ વહેલી તકે ફરી મળવાનો વાયદો કરી ઘર તરફ પ્રયાણ કર્યું.

~~ પારસભાઈ હેમાણી, ગોપાલ ખેતાણી

## 'સર્જન' ભરૂચ મેળાવડો

'સર્જન' ગૃપના મિત્રો ૧૪ ઓગસ્ટના રોજ નક્કી કર્યા મુજબ સાંજે ૫:૦૦ વાગ્યા પછી દર્શનાબેનની ઓફિસે ભેગા થયા. આઈસ્ક્રીમની લિજ્જત માણતા માણતા સૌએ એકબીજાનો પરિચય મેળવ્યો અને પોત-પોતાની રચનાઓ વાંચી સંભળાવી.

દર્શનાબેને પોતાની વિવિધ કવિતાઓનું પઠન કર્યું. તેમના બહાર ભણવા ગયેલા દીકરાની યાદમાં લખેલ "ખાલીપો" રચના સંભળાવી પોતાનું મન ખાલી કર્યું. મયૂરિકાએ તેમની માઈક્રોફિક્શનનું સુંદર અવાજ તથા શૈલીમાં પઠન કર્યું. જલ્પાબેને પોતાની માઈક્રોફિક્શન "રમખાણ"ની રજૂઆત કરી અને છ શબ્દોની અલગ અલગ માઈક્રોફિક્શન પણ સંભળાવી.



હિરલબેને પોતાની અછાંદસ કવિતાઓ અને માઈક્રોફિક્શનનો આગવી શૈલીમાં આસ્વાદ કરાવ્યો. ઉપરાંત, પોતાની ગર્ભાવસ્થા દરમિયાન લખેલ પુસ્તક "બાળક એક ગીત" સૌને ભેટ સ્વરૂપે આપ્યું. મેં પણ મારી mfcs અને કાચી-પાકી કાવ્ય રચનાઓ રજૂ કરી. મેળાવડામાં નાનકડા મેઘે પોતાની મસ્તીમાં મસ્ત રહી મમ્મી-પપ્પાને સાથ આપ્યો.

સાથે સાથે દરેકે પોતાના મનગમતાં પુસ્તકો તથા લેખકો વિષે ખૂબ બધી વાતો કરી અને એ રીતે એકબીજા સાથે સાહિત્યિક વિચારોની આપ-લે કરી. સૌના મનમાં "સમસુખિયા" મિત્રોને મળ્યાનો અને સુંદર સાંજ વિતાવ્યાનો આનંદ મા'તો નહોતો. આવું સાહિત્યિક વૃંદ મેળવી આપવા બદલ "સર્જન"નો જેટલો આભાર માનીએ એટલો ઓછો. આવી જ રીતે સમયાંતરે મળતા રહેવાનું નક્કી કરી સૌ છૂટા પડ્યા.

~~ અંકુરભાઈ બેંકર

## 'સર્જન' અમદાવાદ મેળાવડો

અમદાવાદમાં સર્જન માઇક્રોફિક્શનના પ્રથમ પુસ્તકના વિમોચનમાં પહેલી વાર સૌ સર્જન મિત્રોને મળવાનું બન્યું, ત્યારે સમય ઓછો પડવાથી ઘણા મિત્રોને વિગતે મળવાનું રહી ગયું હતું. એટલે નક્કી કરેલું કે અમદાવાદ બીજી વાર જવાનું થશે તો સર્જન મિત્રોને ફરી મળવાનું ચોક્કસ ગોઠવીશ. યોગાનુયોગ અચાનક ઓગસ્ટની સત્તર તારીખે એક જ દિવસ માટે અમદાવાદ જવાનું થયું.



ધવલ સોનીના ઉત્સાહે સોળમીની રાત્રે જ બીજા દિવસનો મેળાવડો નક્કી કરી નાખ્યો. જો કે સર્જનના મુખ્ય ગ્રૂપમાં આ મૅસેજ મૂકવાનું ભૂલી જવાથી ઘણા સર્જનમિત્રોની નારાજગી વહોરવી પડી. એમને મેળાવડામાં સામેલ ન કરી શકાયાનો ખેદ કાયમ રહેશે.

ઘરેથી મોર્નિંગ ટી લઈને કાફે કોફીમાં ૧૧ વાગે મળવાનું નક્કી થયું અને મનમાં બધાને મળાશે એ વિચારે હરખ છવાઈ ગયેલો. ધવલ સોની, લતા સોની કાનુગા, લીના વછરાજાની, શીતલ ગઢવી, સર્જન ગ્રૂપમાં નવા જોડાયેલા સૌથી નાના સભ્ય સમીક્ષા ઠુમર, એમની સાથે આવેલ એમની સખી વિસ્મિતા ઠુમર અને હું.

સમીક્ષા ઠુમરની અઢાર ઓગસ્ટની બર્થડે અમે એક દિવસ પહેલા જ વિશ કરીને ઊજવી. પછી શરુ થઈ ચર્ચાઓ. ગીત, ગઝલ, કવિતા, એ બધાંના વોટ્સએપ ગ્રૂપ, એમની પ્રવૃત્તિઓ, રેગ્યુલર થતી સભાઓ વગેરેની ગલીઓમાંથી ચર્ચા માઇક્રોફિક્શનના મુકામે પહોંચી. સામસામે બેસી, માઇક્રોફિક્શનનું પઠન કરી, એના પર ચર્ચા કરવાનો આનંદ કંઈ ઓર જ હોય છે એવું સૌ કોઈ એકસૂરે બોલ્યા. ધવલ સોનીના દર મહીને અમદાવાદમાં એક બેઠક કરવાના પ્રસ્તાવને બધાંએ વધાવી લીધો. આમ તો આપણા સર્જનના ચર્ચા ગ્રૂપમાં આ કામ થાય જ છે. પણ ત્યાં બધા સભ્યો દ્વારા જુદા જુદા સમયે, એક સાથે ઘણી બધી માઇક્રોફિક્શન પર ચર્ચાઓ થતા, એક જ માઇક્રોફિક્શનના બધા પોઈન્ટ્સ, સજેશન, ફીડબેક એક સાથે ના વંચાઈ શકાતા હોવાને લીધે થોડી લિંક તૂટે છે, જે બેઠકમાં નિવારી શકાય. વળી બેઠકમાં હાજર ન રહી શકનારની કૃતિનું બીજા કોઈ દ્વારા થયેલ પઠન અને એની ચર્ચાનું રેકોર્ડીંગ એમને તથા બીજાઓને પણ ઉપયોગી થઈ શકે.

જીગ્નેશ સર હંમેશા કહે છે કે એક આદર્શ માઇક્રોફિક્શન ફક્ત ૫૫ શબ્દોમાં પણ લખી શકાય. આપણને ગ્રૂપમાં મળતા ટાસ્કમાં જો શબ્દ સંખ્યા વધારે આપવામાં આવી હોય તો ઘણીવાર લેખનમાં મેદ વધે છે. તદુપરાંત જો ટાસ્ક માટે મહત્તમ ૨૫૦ શબ્દ આપ્યા હોય તો શા માટે ૧૦૦-૧૫૦માં પતાવવું એવી સાયકોલોજીના લીધે મહત્તમ શબ્દ સંખ્યા સુધી પહોંચવાના પ્રયત્નો પણ થઈ જાય છે. તો શું ૧૦૦ કે ૧૫૦ શબ્દસંખ્યાની લિમિટ રાખી એટલામાં જ સારી માઇક્રોફિક્શન લખવાના પ્રયત્ન થવા જોઈએ કે નહિ, એની વાત કરવામાં આવી.

લીના વછરાજાનીના સુમધુર અવાજમાં ગવાયેલા હિન્દી ફિલ્મના ગીતો અને શીતલ ગઢવીનું ગઝલ પઠન એ આ મેળાવડાની હાઈલાઈટ્સ હતા. એક પ્રવાસી મુંબઈવાસી સાથે શરુ થયેલ બેઠકનો આ સિલસિલો અમદાવાદમાં હંમેશ ચાલુ રહે એવી આશા, અભ્યર્થના અને શુભેચ્છા સહ....

- યામિની પટેલ.

## ૨૦. નોટિસ – કિરણ પિયુષ શાહ

નોટિસ વાંચતા જ છેલ્લા દસ વર્ષનો સંઘર્ષ પાર્થની નજર સમક્ષ આવી ગયો. દલાલને ફોન કરી ભાડાના મકાન માટે પાર્થે વાત કરી, ચોવીસ કલાકમાં મકાન બદલી નાખ્યું.

નોટિસ મુજબ ડીમોલીશન ટીમે બિલ્ડિંગ તોડી નાખી. દસ વર્ષની જમાપૂંજી સમાન પોતાના ઘરને નજર સામે દસ મિનિટમાં માટીના ઢગમાં પલટાતાં જોઈ રડી પડાયું.

બીજી બાજુ ઑફિસરના તથા દૂર ઊભેલા ભાઈના માણસોના ચહેરા પર વિજયનું સ્મિત છવાઈ ગયું.

કાશ.. સત્યવાન હરિશ્ચંદ્ર પિતાની રાહે ચાલ્યો ન હોત તો..

## ૨૧. એંજલ – સમીક્ષા ઠુમ્મર

હાંફળાફાંફળા રમેશભાઈ પોતાની વ્હાલસોયી દીકરીનો ફોટો લઈ ગાંડાની જેમ શોધતા હતાં. લસ્ત શરીરે મન ભૂતકાળમાં સરકી પડ્યું..

"પપ્પા... આ મને મારે છે!"

"ખબરદાર! મારી દીકરીને કંઇપણ કર્યું છે તો! હા.... હું આનો બાપ છું... હાથ પણ અડાડ્યોને તો કાપી નાખીશ..." ને નાનકડી ઢીંગલી ખડખડાટ હસી પડતી..

વર્તમાનનો અહેસાસ કરાવતો ફોન રણકી ઊઠ્યો...

"પપ્પા! એંજલ બોલું છું. મેં લગ્ન કરી લીધાં છે. હું ચાર વર્ષથી એક યુવકના પ્રેમમાં હતી. તમને કહેવાની હિંમત નહોતી... એટલે..."

થોડીવાર પહેલાં હાંફળોફાંફળો થયેલો રક્તપ્રવાહ થીજી ગયો..

ફોટો જોતાં રાહદારીએ પૂછ્યું, "કોણ છે આ..?"

ડુમો ભરેલાં હ્રદયમાંથી માંડમાંડ તૂટેલા શબ્દો નીકળ્યા, "ખબર નહીં... હું નથી ઓળખતો...!"

## ૨૨. ધરબાયેલું – સ્વાતિ શાહ

જાનકી હોમવર્ક કરાવતા અનિકાને લડતા બોલી, “તું હવે લખવામાં બહુ ભૂલો કરે છે, હું એકની એક વાત કેટલીવાર સમજાવું? હવે સમજે છે કે લગાવું એક થપ્પડ! મને લાગે છે કે હવે તું સજા વગર ઠેકાણે નહી પડે.”

બાજુની રૂમમાં માળા ગણતા કેશુ ગંભીર થઈ ગયા ને તેની નજર સમક્ષ બાળપણ તરવરી ઊઠ્યું. ઘડીભર એ બાળક બની ગયા.

પીઠ ઉપર હાથ અને મોં પર દર્દ. પૌત્રી પરની સહાનુભૂતિ સાથે માળાનાં મણકા વધારે ઝડપથી ફરવા લાગ્યા જાણે અત્યારે પણ પીઠ ઉપર બાપાની પડતી સોટીનું દર્દ મહેસુસ થતું હતું.

મગજમાં ધરબાયેલી દુખ અને ક્રોધની લાગણી સાથેનો માનસિક આઘાત સમાવી દેવદર્શને જવા ઘર બહાર નીકળી ગયા.

## ૨૩. પ્રેરણાનો પાગલ – મીતલ પટેલ

"પ્રેરણા આ તારા માટે."

"મારું નામ સીમા છે." હસીને નર્સે લાલ ગુલાબ લીધું.

"બીજા માટે તું સીમા પણ મારી પ્રેરણા... મારા હ્રદયમાંથી વહીને કલમ થકી અંકિત પ્રત્યેક શબ્દની પ્રેરણા અને હું પ્રેરણાનો પાગલ.. નામ! મારું નામ શું છે?"

"રીલેક્સ, રીલેક્સ.. સૂઈ જાવ તમે."

* * * *

"ડૉ.ની વાત સાંભળી આજે જ એક લીડ મળી છે ઇન્સ્પેક્ટર."

"પાંડુ તપાસ કર આ પ્રેરણાના પાગલની."

ડૉ. બીજી કોઈ રીત નથી? કોણ છે, ક્યાંથી આવ્યો છે, આટલી ઘાયલ અવસ્થામાં એ ખંડેરમાં કેમ પડ્યો હતો? છ મહિના થઈ ગયા, એક પણ પ્રશ્નનો જવાબ નથી મળ્યો."

"એક રીત છે હિપ્નોટિઝમની. અત્યાર સુધી એની હાલતના કારણે એ શક્ય નહોતું. પરંતુ હવે શક્ય છે."

* * * * *

"તમારી આંખો ભારે થઈ રહી છે. તમને ઊંઘ આવી રહી છે. હવે જિંદગીના એક વર્ષ પાછળ જાઓ.

"હાય પ્રેરણા."

"બીજા માટે તું મીરાં, પણ મારી પ્રેરણા... મારા હ્રદયમાંથી વહી કલમ થકી અંકિત પ્રત્યેક શબ્દની પ્રેરણા અને હું પ્રેરણાનો પાગલ નામ સમીર."

હવે હજુ એક વર્ષ પાછળ જાવ, ક્યાં છો તમે?

"પુસ્તકાલયમાં. હાય પ્રેરણા."

"બીજા માટે તું હિના. પણ મારી પ્રેરણા. મારા હ્રદયમાંથી વહી કલમ થકી અંકિત પ્રત્યેક શબ્દની પ્રેરણા. હું પ્રેરણાનો પાગલ નામ હર્ષ."

એટલામાં પાંડુ એક વ્યક્તિ સાથે આવે છે, “સર, આ મિસ્ટર વિરલ દેસાઈ, પ્રખ્યાત પ્રેમકથા લેખક. પાગલ એમનું તખલ્લુસ છે.”

## ૨૪. પછડાટ – પાર્મી દેસાઈ

પોતાની અદમ્ય ઇચ્છાને આધીન થઈ આશકા એવરેસ્ટની ટોચ ઉપર પહોંચી તો ગઈ પણ પછી જાણે એક નવું ઝનૂન એના માથે સવાર થયું.  હવે એને ત્યાંથી ડાઇવીંગ સ્ટંટ કરવો હતો. સાથીઓએ તેને એમ ન કરવા ખૂબ સમજાવી પણ આશકા એકની બે ન થઈ. તેણે ફેફસામાં ઊંડો શ્વાસ ભર્યો અને ’યા હોમ’ કરીને કૂદી. એણે એક જોરદાર પછડાટ ખાધી, ત્યાં જ મમ્મીની ચીસ સંભળાઈ:

"અલી....આજેય.....!" અને એ પાછી ઉપર ચઢીને સૂઈ ગઈ.

## ૨૫. કુલદીપક – મહાકાન્ત જોશી

"મેથ્સ, બાયોલોજી અને ફિઝિક્સ જેવા વિષયોમાંય ૧૦૦માંથી ૯૫ ઉપરના માર્ક્સ, વાહ! બારમા ધોરણમાં આ દીપકે જિલ્લામાં પ્રથમ આવીને  આપણી આ શાળાનું નામ સમગ્ર જિલ્લામાં ઉજાગર કરી દીધું." શાળાના સંચાલકે ’તેજસ્વી તારલાનાં સન્માન કાર્યક્રમ’માં દીપકને વખાણી સન્માનતા પૂછ્યું, "દીકરા, તારા માબાપ ક્યાં? તે શું કરે છે? અહીં ન આવ્યાં?"

અશ્રુથી ઘેરાયેલી આંખોમાં એણે લઘરવઘર કપડામાં પગથી માથા સુધી ઓઢેલી ગરીબી સાથે છેવાડે બેસેલ વ્યક્તિ તરફ આંગળી ચીંધી. એ વ્યક્તિ સંકોચ સાથે મંચ પર આવીને દીપકને વળગી પડતાં  બોલી ઊઠી, "સાહેબ, હું.. જી હું.. આનો બાપ છું."

દીપકે ઇનામના પાંચ હજાર અને ટ્રૉફી પિતાને આપી, મંચ નીચે જોઈને કહ્યું, "મા, તુંય આવ ને."

ને એ તરફ સંચાલકની નજર જતાં સન્માન માટે લીધેલો ગુલદસ્તો હાથમાંથી સરી ગયો..

## ૨૬. નવજીવન – હેતલ પરમાર

વર્ષોથી પથારીમાં બેશુધ્ધ પડેલી હું એટલે રોઝી.

મારી આંખો જુએ છે બધું, પણ...

દોરા, ધાગા, માનતા, દવા, દુઆ બધું જ કર્યું પણ હાલતમાં કોઈ સુધારો નહીં.

એ ગોઝારી ઘટના જ્યારે નજર સામે તરવરે ત્યારે મારી આંખોમાંથી અશ્રુધારા વહે પણ એને જોવાવાળું?

દસ વરસ પહેલા ચર્ચમાં જ અમે મળવાનું નક્કી કરેલું. હું અને હેઝલ બન્ને એકબીજાનાં હાથમાં હાથ પરોવી સુંદર ભવિષ્યનાં સપનામાં ખોવાયેલા હતાં, ત્યાં જ કોઈએ ખેંચીને અમને બધાને એક વહાણમાં ધકેલ્યા.

હેઝલના વાળ ખેંચી ઢોરમાર માર્યો અને મારા જેવી ઘણી છોકરીઓ સાથે....

કોણ હતાં, શું કામ આવું કરતાં હતાં?

કોઈને ખબર નથી. બસ એ ભયાનક લોકો અને એ ભયાનક જગ્યા ને આ બધાથી પણ ભયાનક હતી અમારી હયાતી.

મારી નજર સામે જ હેઝલને રહેંસી નાખ્યો અને હું?

ઘણાં દિવસોની શોધખોળ પછી હું મળી આ દશામાં.

આજે મારી આંખો સામે ફરી નવો ડોક્ટર અને નવી દવા.

ડોક્ટર સામે નજર પડતાં જ મારા બેશુધ્ધ શરીરમાં ઝણઝણાટી થઈ.

## ૨૭. હેરેસમેન્ટ – રેખા સોલંકી

ઑફિસની મહિલા કર્મચારી સાથે ફિઝીકલ અને મૅન્ટલ હરૅસમૅન્ટ કરનાર અધિકારીનું થયેલું સ્ટીંગ ઓપરેશન.

આવતીકાલે મહિલા પત્રકાર દ્વારા પર્દાફાશ. ન્યૂઝ પેપરમાં મારો પત્ર દ્વારા મોકલેલ આર્ટિકલ વાંચી મને નિરાંત થઈ.

હવે નિરાંતે ડૉક્ટર પાસે ડિપ્રેશનની સારવારના ફોલોઅપ માટે જઈ શકીશ.

"જસ્ટ રિલેક્સ.... શાંતિથી આંખો મીંચી દો. પરમ શાંતિનો અનુભવ કરશો, મારામાં વિશ્વાસ રાખો. બસ સંપૂર્ણપણે આ શરીર મારે હવાલે કરી દો. ઓ.કે... નાઇસ, હવે એકદમ રિલેક્સ ફીલ કરો છો ને?" ઓપરેશન ટેબલ પર મારી આંખમાં આંખ પરોવી એણે હાથ પકડ્યો, ને હું કોઈ બીજી જ દુનિયામાં પહોંચી ગઈ.

બીજા દિવસે સવારના ન્યૂઝ પેપરમાં સમાચાર વાંચી ડૉક્ટર સંઘવી મૂછમાં મલકાતાં સેલફોન પર એક નંબર લગાવી બોલ્યાં, “કહ્યું હતું ને મેં જસ્ટ રિલેક્સ! મારો વિશ્વાસ કરો.” તમારી મુસીબત ટળી ગઈ છે. આજના ન્યૂઝ પેપરમાં જુઓ દુર્ઘટનામાં મૃત્યુ અને બેસણાંની તારીખ અને સ્થળ.

## ૨૮. દાઝ – શિલ્પા સોની

ન્યૂઝ ચેનલ પર પ્રસારિત સ્લાઇડમાં કાયમ નારી ઉત્થાન પર વક્તવ્ય આપતો એ ઘેઘૂર અવાજ સાંભળી હું થડકી.

શાળાનાં વાર્ષિકોત્સવ વખતે સ્ટેજ તરફ દોરતા, મારી છાતીએ બે વખત હાથ અડાડી, સૉરી કહેતો એ કદરુપો પાન ચાવતો ચહેરો નજર સામે તરવર્યો.

છેડતી કરવાના આરોપસર અમાનુષી ટોળાથી ઘેરાયેલો એ, આજે બચવાના હવાતીયા મારી રહ્યો હતો. એના કુકર્મોનો રંગ લોકોના હાથમાં જોઈ ડરી રહ્યો હતો.

'સાચેજ, કોઈને ચહેરો નથી કુંતલ, મહોરાં પાછળના મહોરાં તો હવે ઊતારવા જ રહ્યાં' મનોમન નિર્ધાર સાથે રોટલી બળવાની વાસ આવતાં જ હું રસોડે ધસી. કડક બળેલી રોટલીની કાળાશ બન્ને હાથમાં લઈ ટીવીના સ્ક્રિન પર ક્યાંય સુધી ઘસતી રહી.

## ૨૯. અમાસ – મણિલાલ વણકર

તે કાકલૂદી કરતો રહ્યો ને હું એને તરછોડી બીજે પરણી ગઈ. એનાથી મારી જુદાઈ સહન ન થતાં....

એ દિવસની સાંજ મને બરાબર યાદ છે!

રસ્તા પરના પીપળા  પાસેથી પસાર થતી હતી ત્યાં એ આવ્યો અને મારી આંખમાં આંખ પરોવી એણે મારો હાથ પકડ્યો! હું બે ડગલાં પાછળ હટી ગઈ!

એ બોલ્યો; "હું વર્ષોથી તારી પ્રતીક્ષામાં..." અને તરત એના બે દાંત મારી ગરદનમાં ખૂંપી ગયા!

મેં આળસ મરડીને આંખો ખોલી, ત્યારે હું દવાખાનામાં હતી!

પણ પછી તો એ નિત્યક્રમ... રોજ પીપળા પાસે જવું અને એના બે દાંત...

જાણે એ મને ખેંચતો અને રાત્રે મારા પગ આપોઆપ પીપળા તરફ..

જ્યારે એના દાંત મારી ગરદન પર બેસે છે ત્યારે મારી સમગ્ર ચેતના હણાઈ જાય છે!

પણ આ અમાસે એ ઘટનાને સો દિવસ પૂરા થાય છે એટલે હવે હું પણ..

## ૩૦. રફતાર – રક્ષા મામોતરા

"ઓટો....પ્લીઝ..." કહી કશિશે હાથ લાંબો કરી રિક્ષા રોકી અને ઝડપથી રિક્ષામાં બેસી ગઈ. આગ ઓકતી ગરમીને મહાત કરી માનવીની રફતાર તેજ ગતિએ ચાલી રહી હતી.

સિગ્નલ આવતા જ રિક્ષા થંભી. કશિશે બેચેનીપૂર્વક રીસ્ટવોચમાં જોયું , "ઓહ! બે વાગવામાં દસ જ મિનિટ બાકી છે," મનોમન બોલી તેણે લમણે હાથ મૂક્યો. સિગ્નલ લીલું થતા રિક્ષાએ ફરી એ જ રફતાર પકડી અને આખરે સ્ટેશન આવ્યું.

કશિશને જે ડર હતો તે જ થયુ, ગાડી છૂટી ગઈ, જે સન્માન મેળવવા તેણે પોતાની જાત ઘસી નાખી તે ઘડી એક ક્ષણમાં જ જાણે હવામાં ઊડી ગઈ. દિલ્હી જવા તાત્કાલિક કોઈ વાહન ન મળતાં તે ભારે હૈયે ઘેર પાછી ફરી .

થોડી વાર પછી તેણે ટી.વી. ચાલું કર્યું, ન્યૂઝ ચેનલની હેડલાઇન સાંભળીને તેણે રાહતનો શ્વાસ લીધો અને મનોમન ઈશ્વરનો આભાર માન્યો.

# અંગ્રેજી માઈક્રોફિક્શનનો અનુવાદ અને આસ્વાદ – મીનાક્ષી વખારિયા, સંકેત વર્મા

## 'દેવેશ '~ ડેવ ઝેલ્ટસરમેન

હું દેવેશને ભૂલી શક્યો નથી...

મજાનો ફૂટડો છોકરો હતો દેવેશ. માંડ ચોવીસ વરસનો હશે પણ બધી રીતે સાલસ અને મૃદુભાષી. છ મહિના પહેલાં તો એણે એના જન્મદાતા માબાપને શોધવા માટે મને નોકરીએ રાખ્યો હતો. આમ જોવા જઈએ તો એ દત્તક લેવાયેલો. એના આ માબાપ પણ સારા જ હતાં, પણ એને પોતાના મૂળિયાં શોધવાની અદમ્ય ઇચ્છા હતી. એને જોઈને લાગ્યું કે એનો ચહેરો કંઈક જાણીતો છે, આ પહેલાં પણ હું આને મળી ચૂક્યો છું. મારી શોધખોળ દરમ્યાન એનું કારણ પણ મળી ગયું. એનો અસલ બાપ તો હતો સમશેર લાખા, બી-ગેંગનો બૉસ! લાખાએ ભૂતકાળમાં એક ડાન્સર સાથે રાત વિતાવી હતી. એને ખબરેય નહોતી કે એનો એક અનૌરસ પુત્ર છે. આ બધી જાણકારી મેળવવામાં મને ખાસ સમય ન લાગ્યો. જ્યારે મેં એને દેવેશ વિશે જણાવ્યું ત્યારે એણે ચેતવણી આપતા કહી દીધું કે અગર તે છોકરા તરફથી મને થોડીપણ હેરાનગતિ થઈ તો તે મારા કેવાં હાલ કરશે.

આ વાતને પણ છ મહિના વીતી ગયા...

બે-એક અઠવાડિયા પહેલાં મારા સાંભળવામાં આવ્યું કે લાખા મરણપથારીએ છે અને હ્રદયની કોઈ અસાધ્ય બીમારી સામે ઝઝૂમી રહ્યો છે. એની પાસે હવે ઝાઝો સમય નથી. એક દિવસ એના સાગરીતો આવ્યા ને મને એની પાસે લઈ ગયા. લાખાને દેવેશ વિશે માહિતી જોઇતી હતી. મેં ધાર્યું કે મરતા પહેલાં કદાચ એને પોતાના પુત્ર સાથે સમાધાન કરવું હશે.

એ પછીના અઠવાડિયે જ દેવેશના માબાપે મને બોલાવ્યો. એ લોકો બહાવરાં જેવા થઈ ગયેલા. દેવેશ, અચાનક ગાયબ હતો અને એ ક્યાં હશે એ વિશે એમને કોઈ ખબર જ નહોતી.

ત્રણેક દિવસ પર ઊડતી ખબર આવી કે લાખાને યોગ્ય હાર્ટ-ડોનર મળી ગયો છે. બધી રીતે મેળ પડી ગયેલો તેથી હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટ સફળ થશે એવું લાગ્યું.

હજી પણ હું દેવેશ વિશે વિચાર્યા કરું છું...

(મૂળ કૃતિ: "Danny Smith")

આસ્વાદ:

વાર્તાની પહેલી જ લાઈન જોઈએ: "હું દેવેશને ભૂલી શક્યો નથી." આ આખુ વાક્ય જ્યારે વાર્તાના પ્રથમ જ વાક્ય તરીકે મૂકવામાં આવે છે ત્યારે એ એના શીર્ષક સાથે એક મજબૂત સંબંધ સ્થાપે છે. શીર્ષક પરથી સમજાય કે વાર્તા 'દેવેશ' નામના કોઈ વ્યક્તિ વિશે છે અને પહેલા જ વાક્યમાં, વાર્તા કહેનાર, જે કદાચ આ વાર્તાનો જ કોઈ હિસ્સો હોઈ શકે. એ કહે છે કે, એ દેવેશને ભૂલી શક્યો નથી, એના વિશે જ વિચાર્યા કરે છે. આ વાક્ય વાચકના મનમાં એક ઉત્સુકતા જગાડે છે. અને વાર્તાના પ્રવાહને પહેલા જ વાક્યથી ઊંચકી લે છે. વાચકને દેવેશની જિંદગીમાં રસ પડવા માંડે છે. અહીં જે કહેવું જ જોઈએ એ વાચકને કહી દેવામાં લેખકે જરાય સમય લીધો નથી.

હવે જ્યારે વાચક ઉત્સુક થઈ જ ચૂક્યો છે ત્યારે લેખક આગળ દેવેશની એક નાનકડી ઓળખાણ આપી દે છે. ચોવીસ વર્ષનો ફૂટડો, સાલસ, મૃદુભાષી યુવાન. આ નાનકડી ઓળખાણ પછી તરત જ લેખક કહે છે, "છ મહિના પહેલાં તો એણે એના જન્મદાતા માબાપને શોધવા માટે મને નોકરીએ રાખ્યો હતો." આ વાક્યથી જ વાર્તા કહેનાર વાર્તામાં પ્રવેશે છે અને એનો દેવેશ સાથેનો સંબંધ સ્પષ્ટ થઈ જાય છે. અહીં સુધી લેખક આગળ બનવા જઈ રહેલી ઘટનાઓનો પાયો ફટાફટ તૈયાર કરી નાખે છે. માઈક્રોફિક્શનમાં પાત્રો ડેવલપ કરવાની જગ્યા હોતી નથી, ટૂંકી વાર્તા જેટલી પણ નહીં, છતાં અહીં લેખક દેવેશના નાનકડા પરિચય અને એણે લીધેલાં નિર્ણયથી એના પાત્રની લાક્ષણિકતાઓ આપણી સમક્ષ મૂકી દે છે.

કર્ટ વોનેગટ કહે છે: "Give your readers as much information as possible as soon as possible" અને લેખકે અહીં એ કરી બતાવ્યું છે.

પછીની ઘટનાઓમાં વાર્તા કહેનાર દેવેશના અસલ મા-બાપને શોધી કાઢે છે. એક ડાન્સર મા અને પિતા એક ગેંગનો બૉસ. આગળ એ કહે છે કે આ બધી વાત શોધતા એને ઝાઝો સમય લાગ્યો નહીં. દેવેશની વાત કરતા જ સમશેર લાખા લખનારને બૂરા હાલ કરવાની ધમકી આપે છે. હવે આ બધી જ ઘટનાઓમાં લેખકે આ વાર્તા કહેનારનું પાત્ર પણ ઉપસાવ્યું છે. આ ઘટનાઓથી આપણે કળી શકીએ છીએ કે આ કોઈ જાસૂસ જેવું પાત્ર હોવું જોઈએ, એના કૉન્ટેક્ટ્સ ખૂબ હશે અને પહોંચ પણ હોવી જોઈએ. કારણકે એ સમશેર લાખાને એના અનૌરસ સંતાન વિશે પણ કહી શકે છે.

વાર્તા સડસડાટ આગળ વધે છે. લગભગ છ મહિના પછી હૃદયની કોઈ અસાધ્ય બીમારીથી પીડાતો લાખા એ જાસૂસને પોતાની પાસે બોલાવીને દેવેશ વિશે પૂછે છે. થોડાં જ સમયમાં દેવેશ ગાયબ થઈ જાય છે. અને આ બાજુ લાખાને સ્યુટેબલ હાર્ટ ડોનર મળી જાય છે. વાર્તામાં જ્યારે સમશેર લાખાના હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટની વાત આવે છે ત્યારે તરત જ આપણે એને દેવેશના ગાયબ થવા સાથે જોડી શકીએ છીએ. અને છેલ્લે જ્યારે લખનાર કહે છે કે હજી પણ એ દેવેશ વિશે વિચાર્યા કરે છે, ત્યારે એ આપણને વાર્તાના પહેલાં વાક્ય સાથે જોડી દે છે. લાગે છે જાણે છેલ્લું વાક્ય એ પહેલાં વાક્યએ પૂછેલા સવાલનો જવાબ હોય!

આપણને લાગે છે કે આ આખી વાત કહેવામાં લખનાર જાસૂસ એક પસ્તાવો અનુભવે છે. જાણે એ વિચારતો હોય, કે કાશ એણે સમશેર લાખાને આ વિશે ન જણાવ્યું હોત! એના લીધે દેવેશ અને એના માતા-પિતાને કેટલું ભોગવવું પડ્યું! પણ જરા વધુ મંથન કરીએ તો આ જ છેલ્લું વાક્ય આખી ઘટના પર એક રહસ્યની જેમ છવાઈ જાય છે. લેખકે અહીં ક્યાંય સ્પષ્ટપણે કહ્યું નથી કે દેવેશ જ એ હાર્ટ ડોનર હશે અને લાખાએ જ એનું હૃદય લીધું હશે. શું ખરેખર આવું હશે? અને કદાચ જો આવું જ હોય તો સમશેર લાખાએ દેવેશ સાથે શું કર્યું હશે? કેવી રીતે કર્યું હશે?

ઘટનાઓથી ભરપૂર એવી આ માઈક્રોફિક્શનમાં છેલ્લું વાક્ય આવે એ પહેલાં જ જાણે એની શક્યતાઓના અંકુર ફૂટી જાય છે અને એ છેલ્લું વાક્ય આખી વાર્તાના દરેક પાસા પર ફરી વિચાર કરવા માટે આપણને વાર્તાના પ્રદેશમાં ખેંચી જાય છે. આપણને આ વાત કહેનાર એ જાસૂસ હવે શું કરશે? માત્ર અફસોસ? કે બીજું કંઈ? કે એ પોતે જ બનેલી બધી ઘટનાઓથી હજુ સંપૂર્ણપણે વાકેફ નથી? તમને શું લાગે છે?

ચપટીક વાર્તા

Panic ~ Sushant Kumar

*"Mommy, can I have one?" Sarah asked.*

*"Hush, he might hear us," said mother.*

*The balloon seller panicked and swiftly walked past the cemetery.*

## સર્જનના આઠમાં અંકની ટીમ


ડો. હાર્દિક યાજ્ઞિક


શૈલેષ પરમાર


રાજુલ ભાનુશાલી


સોનિયા ઠક્કર


સરલા સુતરિયા


હિરલ કોટડિયા


શીતલ ગઢવી


હાર્દિક પંડ્યા


અતુલ ભટ્ટ


યામિની પટેલ


અનુજ સોલંકી


પ્રિતિ ભટ્ટ


રીતુ મહેતા


ઝીલ ગઢવી


સંજય થોરાત


આલોક ચટ્ટ


જાહ્નવી અંતાણી


પૂર્વી બાબરિયા


લતા સોની કાનુગા


કિરણ પિયુષ શાહ


સમીક્ષા ઠુમ્મર


મિત્તલ પટેલ


સ્વાતિ શાહ


મહાકાન્ત જોષી


હેતલ પરમાર



રેખા સોલંકી



શિલ્પા સોની



ઍંજલ ધોળકીયા



પાર્મી દેસાઈ



રક્ષા મામોતરા



મણિલાલ વણકર



મિનાક્ષી વખારિયા



સંકેત વર્મા



અંકુર બૅંકર




પારસ હેમાણી



જિજ્ઞેશ કાનાબાર



જીજ્ઞેશ અધ્યારુ



ગોપાલ ખેતાણી

# અને સર્જન માઈક્રોફિક્શન ગ્રૂપ